# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫**/— આજીવન **૨૫૧**/—
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦**/— (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦**/—

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર— ૩૬૪૦૦૨ ફોન : (૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧
- પ.પૂ. મહાત્મા યોગેશ્વરજી અને પૂ. મા સર્વેશ્વરી વિષે તેમજ તેમના દ્વારા લખાએલ ધર્મગ્રંથો, પ્રાર્થનાઓ, ભજનો વિષે જાણવા માટે વેબસાઈટ swargarohan.org જુઓ.
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફલેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can download the pdf file of Adhyatma From Website**
**www.swargarohan.org**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| સર્વત્ર હરિ | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર વાણી | યોગેશ્વરજી | ૪ |
| આધ્યાત્મિક પ્રશ્નોત્તરી—ભક્તિ વિશે | યોગેશ્વરજી | ૭ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૧૨ |
| આંખ મીંચાશે ત્યારે | યોગેશ્વરજી | ૨૦ |
| ગુરુએ જ્ઞાનનું ઝરણું તથા નહેર છે | સ્વામી રામ | ૨૩ |
| મનુષ્યજન્મનો હેતુ | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૨૮ |
| આ જીવન પડદા પાછળ રે કોણ છે ઉભું ? | મા સર્વેશ્વરી | ૩૩ |
| પ્રાર્થના | યોગેશ્વરજી | ૩૪ |
| હરિ બન્યા ભથવારી | સાધુ અક્ષર જીવનદાસ | ૩૬ |
| મહાપુરુષોની ઓળખ | યોગેશ્વરજી | ૪૪ |
| આપણો સંબંધ સંસાર સાથે નથી | સ્વામી રામસુખદાસ | ૪૭ |
| દુઃખોનું કારણ | યોગેશ્વરજી | ૫૧ |
| જપ | શ્રીમતી જ્યોતિ થાનકી | ૫૪ |
| હિમાલયના પત્રો : ઈશ્વરસ્મરણ | યોગેશ્વરજી | ૫૯ |
| પુનર્જન્મ | પૂ. મોટા | ૬૧ |

# સર્વત્ર હરિ

—મા સર્વેશ્વરી

તનમાં હરિ, મનમાં હરિ,
સર્વેશ્વરી અંતરે હરિ.

જપમાં હરિ તપમાં હરિ,
સર્વેશ્વરીના જીવનમાં હરિ.

શ્વાસમાં હરિ, પ્રશ્વાસમાં હરિ,
સર્વેશ્વરીના રોમમાં હરિ.

પ્રસાદમાં હરિ, વિષાદમાં હરિ,
સર્વેશ્વરીના સાદમાં હરિ.

ત્રિતાપમાં હરિ, થાકમાં હરિ,
સર્વેશ્વરીના પ્રાણમાં હરિ.

સર્વેશ્વરીને હરિએ ઘડી,
હરિની હતી, હરિને વરી.



# શ્રી યોગેશ્વર વાણી

—યોગેશ્વરજી

## મૃત્યુ મંગલકારક છે

મૃત્યુનો ભય કોને નથી ? સંસારમાં તે ભય સર્વત્ર વ્યાપેલો દેખાય છે. મૃત્યુની કલ્પના માણસને કંપાવી કે ધ્રુજાવી મુકે છે. મરનારની પાછળ માણસો શોક કરે છે. રડે છે ને બીજાને પણ રડાવે છે. કેટલાક માણસો તો એવા છે કે જેમને મૃત્યુનો વિચાર પણ આવતો નથી. આ ભાડુતી ઘરને ખાલી કરીને સૌએ એક દિવસે એકાએક વિદાય થવાનું છે, એ વાતનું સ્મરણ પણ તેને રહેતું નથી, ને સંસારની ભાડુતી ધર્મશાળાને પોતાની માની આ સંસારમાંથી કોઈવાર જાણે વિદાય થવાનું જ ના હોય એમ સમજી લઈ, તે અનેક જાતની સારીનરસી પ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહે છે. સંસારને છોડીને જવાનું તેમને કડવું લાગે છે. મરણપથારીએ પડેલો માણસ સંસારને યાદ કરીને રડે છે. વિદાય લેવાનો વખત આવે છે, ત્યારે તેની નજર સામે સંસારના માયાવી રૂપો હાજર થાય છે. તેની મતિ મુંઝાય છે. નસો ખેંચાય છે, ને તેનો પ્રાણ કેમે કરીને શરીરમાં થયેલી મમતાનો ત્યાગ કરવા માટે તૈયાર થતો નથી.

માણસે મૃત્યુનો ભય દૂર કરવાની જરૂર છે એમ ગીતા શિક્ષા આપે છે. મૃત્યુનો ભય દૂર કરવા તેણે શું કરવું ? સૌથી પહેલાં તો તેણે સમજી લેવું કે જન્મ ને મૃત્યુ સ્વાભાવિક છે. એક સિક્કાના બે પાસાં જેવાં છે. તાપની સાથે છાયા રહે છે જ, ને દિવસની પાછળ રાત પણ લાગેલી છે. તે પ્રમાણે જન્મ ને મૃત્યુ

એકમેક સાથે વળગેલાં જ છે. મરણ એક સ્વાભાવિક ને ટાળી ના ટળે તેવી ને ઘટ સાથે જડેલી વસ્તુ જ છે, તો તેનાથી ડરવાની જરૂર શી છે? તેને ભેટવા માણસે સદાયે તૈયાર ને પ્રસન્નપણે તૈયાર શા માટે ના રહેવું? તેનાથી ડરવામાં કાયરતા રહેલી છે. સમસ્ત સંસાર એક ઈશ્વરની રચના છે. ઈશ્વરની યોજના પ્રમાણે જ તે ચાલે છે ને તે યોજના પણ મંગલ છે. મૃત્યુના ડરનું કારણ પણ એ છે કે માણસ મૃત્યુના સાચા સ્વરૂપને સમજતો નથી. ને મૃત્યુને અમંગલ તથા હાનિકારક માને છે. આ માન્યતા ખોટી છે. માણસ જો સારી પેઠે વિચાર કરે તો તેને જણાશે કે મૃત્યુ તેને માટે અમંગલ નથી પણ આશીર્વાદરૂપ છે. ગીતા માતાનું કહેવું છે કે માણસ જેમ જૂનું કપડું ઉતારીને નવું કપડું પહેરે છે, તેમ જૂનું શરીર છોડીને બીજું નવું શરીર ધારણ કરે છે. આ જૂનું શરીર છોડવાની ક્રિયાનું નામ મૃત્યુ છે. તેની જરૂર માણસને માટે કેટલી બધી ભારે છે?

શરીર મોટું થાય છે તેમ તેમ ઘસાતું જાય છે. તેની શક્તિનો ક્ષય થતો જાય છે, તેવા શરીરને બદલીને નવા ને વધારે સારા શરીરને ધારણ કરવાનો લાભ આપીને ઈશ્વર માણસ ઉપર ઘણો મોટો ઉપકારક કરે છે. સંસારમાં જો મૃત્યુની વ્યવસ્થા ના હોત તો શું થાત તેનો વિચાર તો કરો. દરેક જીવને ગમે કે ના ગમે છતાં પોતાને જન્મથી વારસામાં મળેલા એક જ જાતના વાતાવરણમાં કાયમને માટે રહેવું પડત. મૃત્યુ દ્વારા તેને નવા વાતાવરણમાં ફેરબદલી કરવાનો લાભ મળે છે, ને નવા વાતાવરણમાં તે નવેસરથી પોતાનો સંસાર શરૂ કરી શકે છે. સંસારમાં કેટલાય જીવો જીવનભર દુઃખી દેખાય છે. કેટલાક



જીવો બીજાના અહિત કે અમંગલને માટે જ જીવતા હોય તેવું લાગે છે. એવા જીવોના જીવન પર મૃત્યુનો પડદો પાથરીને ઈશ્વર તેમનું ને બીજાનું કલ્યાણ જ કરે છે. મૃત્યુ આવી રીતે મંગલકારક છે. માણસને ગમે કે ના ગમે, છતાં જન્મ ને મરણના ચક્રમાં તેણે ફરવાનું જ છે. જન્મ ને મરણના ચક્રમાં ફેરવનાર જે કર્મો છે તેના બંધનમાંથી તે મુક્તિ ના મેળવે, અથવા તો જન્મ ને મરણના નિયંતા ને સૃષ્ટિના સ્વામી પરમાત્માની સાથે તે સંબંધ ના કરે, ત્યાં સુધી આ ચક્રમાંથી છૂટવાનું તેને માટે મુશ્કેલ છે. એટલે જન્મ ને મરણમાંથી છૂટવા માટે માણસે ઈશ્વરનું શરણ લેવું જોઈએ.

## સુધારો

અધ્યાત્મ માસિકનાં મે–૧૭ ના અંકનાં પાના નં. ૧૧ પર પ્રસિદ્ધ થયેલ લેખ "સ્વર્ગારોહણ તીર્થે યોજાયેલ કાર્યક્રમો" ની વિગતો તેમજ પાના નં.૬૧ પર પ્રસિદ્ધ થયેલ લેખ "સ્વર્ગારોહણમાં શક્તિપર્વની ઉજવણી"ની વિગતો રજૂ કરનાર શ્રી મયૂરીબેન ટેલર છે. આ બન્નેમાં લેખકનાં નામમાં ક્ષતિ થયેલ છે, આ ભૂલ બદલ ક્ષમા.

**–તંત્રી**

# આધ્યાત્મિક પ્રશ્નોત્તરી—ભક્તિ વિશે

—યોગેશ્વરજી

**પ્રશ્ન : આત્માનુસંધાન ઉત્તમ કે ભક્તિ ? એટલે કે ભગવાનની ભક્તિ કરવી ઉત્તમ છે કે આત્માનું ચિંતનમનન અથવા તો ધ્યાન કરવું ઉત્તમ છે ?**

**ઉત્તર :** તમે બહુ સારો અને જુદી જાતનો પ્રશ્ન પૂછ્યો છે. પરંતુ એના ઉત્તરમાં તો એટલું જ કહી શકાય કે ભક્તિ અને આત્માનુસંધાન બંને ઉત્તમ છે અને એકસરખા આશીર્વાદરૂપે કે ઉપયોગી છે. એ બંનેમાં કોઈ વધારે ઉત્તમ છે એવું નથી. સાધકને એ બંનેમાંથી શું વધારે ગમશે કે પસંદ પડશે એ એની રૂચિનો સવાલ છે. પોતાની રૂચિ પ્રમાણે એ કોઈ પણ એકને કે બંનેને પસંદ કરી શકે છે. પણ બંનેની મહત્તા તો એકસરખી જ છે. શંકરાચાર્ય તો આત્માના અનુસંધાનની પ્રવૃત્તિને એક પ્રકારની ભક્તિ જ કહે છે. એ કહે છે કે પોતાના સ્વરૂપનું અનુસંધાન એ ભક્તિ જ છે. એ દ્વારા માણસ પોતાના આત્મા કે પરમાત્માને ભજે જ છે. ભક્તિને તમે આત્માનુસંધાનથી અલગ માનતા હો તો પણ, એમાંથી એક ઉત્તમ અને બીજું અનુત્તમ છે એમ માનવું નકામું છે. તમારી પ્રકૃતિ પ્રમાણે તમે જેને પસંદ કરશો ને જેનો આધાર લેશો તે તમારે માટે સર્વોત્તમ બની જશે તથા તમારો આત્મવિકાસ કરનાર સાબિત થશે.

**પ્રશ્ન : આત્મવિચાર અને ભક્તિ અથવા આત્માનુસંધાન ને ભક્તિ—બંનેમાં ફળ એક જ છે કે જુદાં જુદાં ?**

**ઉત્તમ :** આત્માનુસંધાનથી કયું ફળ મળે છે ? એથી મનની



સ્થિરતા સાધી શકાય છે. પરમાત્માનો સાક્ષાત્કાર સહજ બને છે, અને પરમશાંતિની પ્રાપ્તિ પણ થઈ રહે છે. એ જ પ્રમાણે ભક્તિ દ્વારા પણ બીજા કયા ફળની પ્રાપ્તિની ઈચ્છા રાખો છો ? એના અનુષ્ઠાનથી પણ મન એકાગ્ર થાય છે, શાંત બની જાય છે, અને ઈશ્વરનો સાક્ષાત્કાર સાધી શકાય છે. એ સાક્ષાત્કાર સગુણ હોય છે એ સાચું છે, પરંતુ હોય છે તો એ પણ સાક્ષાત્કાર. એટલે ભક્તિ અને આત્માનુસંધાનનાં સાધન જુદાં જુદાં હોવા છતાં એ બંનેનાં ફળ એક જ છે.

**પ્રશ્ન : ભક્તિ અને આત્માનુસંધાનનાં સાધનમાં ભેદ કેવી રીતે છે ?**

**ઉત્તર :** આત્માનુસંધાનમાં પહેલેથી જ આત્માને લક્ષ્ય કરીને, આત્મામાં મન પરોવીને, વૃત્તિને અંતર્મુખ કે આત્માભિમુખ કરીને, ચાલવાનું હોય છે જ્યારે ભક્તિની સાધનામાં મનને ઈશ્વરની સેવાપૂજા ને ઈશ્વરના નામસ્મરણના કામમાં લગાડવાનું હોય છે. ભક્ત ઈશ્વરને માટે રડે છે, તલસે છે, વ્યાકુળ બનીને જીવે છે, તથા પ્રાર્થે પરંતુ આત્માના અનુસંધાનની સાધનામાં રસ લેનાર તો મોટા ભાગનો વખત ધ્યાનમાં પસાર કરે છે. મન અને બુદ્ધિ તથા દેશ ને કાળની પારના પ્રદેશમાં પહોંચવાનો એનો પ્રયાસ હોય છે. એવી રીતે બંનેના સાધનમાં બહારથી જોતાં ભેદ છે.

**પ્રશ્ન : ભક્તિની સાધનાને સર્વોત્તમ કહેવામાં આવે છે તેનું કારણ શું છે ? જ્ઞાન અને યોગની સાધના કરતાં એનું સ્થાન શું ઊંચું છે ?**

**ઉત્તર :** જ્ઞાન અને યોગની સાધના કરતાં ભક્તિની સાધનાનું

સ્થાન ઊંચું છે એવું તો કેવી રીતે કહી શકાય ? જ્ઞાન, ભક્તિ ને યોગ—ત્રણે પ્રકારની સાધના અંતે તો સાધના જ છે. એમાં કોઈ ઉત્તમ છે અને બીજી અધમ કે કોઈ અસાધારણ છે અને બીજી સાધારણ એવો પ્રશ્ન જ નથી. બધી જ એકસરખી ઉપયોગી છે તથા એકસરખી શક્તિ તેમજ શક્યતા ધરાવે છે. એટલે એ બધી જ સાધનાઓ તરફ એકસરખા આદરથી જોવાની જરૂર છે. ભક્તિની સાધનાને સર્વોત્તમ કહેવામાં આવે છે એ સાચું માનીએ તો પણ યોગીઓ યોગની સાધનાને અને જ્ઞાનીઓ જ્ઞાનની સાધનાને એવી જ રીતે સર્વોત્તમ માને છે. એનું કારણ એમનો એ સાધનાઓ પ્રત્યેનો પ્રેમ કે આદરભાવ છે. એ મુદ્દાને લઈને કોઈએ ઉચ્ચ—નીચના નાહક વાદવિવાદમાં નથી પડવાનું. સાધકે તો નહીં જ. આદરભાવ છે. એ મુદ્દાને લઈને કોઈએ ઉચ્ચ—નીચના નાહક વાદવિવાદમાં નથી પડવાનું. સાધકે તો નહીં જ.

**પ્રશ્ન : તો પછી ભક્તિ બધાં સાધનો કરતાં ઉત્તમ છે એવું કહેવાની પ્રથા કેમ પડી ગઈ છે ?**

**ઉત્તર :** તેનું કારણ જરા જુદું છે. ભક્તિની અંદર યોગ કે જ્ઞાન જેવાં બીજા સાધનોની સરખામણીમાં જે કેટલીક નોંધપાત્ર વિશેષતાઓ છે, તે જ તેમાં કારણભૂત છે. એ વિશેષતાઓને લક્ષમાં લઈને જ દેવર્ષિ નારદ જેવા મહાસમર્થ ઈશ્વરી કૃપાપાત્ર સંતે પોતાનાં ભક્તિસૂત્રોમાં सा तु ज्ञानयोगकर्मेभ्यो अधिक्तरा। એટલે કે ભક્તિ જ્ઞાન, યોગ તથા કર્મ કરતાં પણ અધિક છે એમ કહીને ભક્તિની મહત્તા કહી બતાવી છે.

**પ્રશ્ન : એ વિશેષતાઓનું વર્ણન કરી બતાવશો ?**



**ઉત્તર :** જરૂર, એમનો ચિતાર સંક્ષેપમાં આપી શકાય ખરો. ભક્તિની સાધનાની સૌથી પહેલી નોંધપાત્ર વિશેષતા તો એ છે કે ભક્તિ સર્વસુલભ છે. આબાલવૃદ્ધ, બધાં જ એનો આધાર લઈ શકે છે. યોગની સાધના વધારે ભાગે યુવાનો માટે જ છે. તે ઉપરાંત, તેમાં નિરોગી લોકોનું કામ છે. આહાર અને વિહારના કેટલાય કડક નિયમોનું પાલન પણ તેમાં કરવું પડે છે. જ્ઞાનની સાધના પણ મોટે ભાગે ચિંતનમનનમાં કુશળ, મેધાવી પુરૂષોને માટે જ છે. પરંતુ ભક્તિ સાધનાનાં મંગલ મંદિરનાં દ્વાર તો કુશાગ્ર બુદ્ધિવાળા ને સામાન્ય બુદ્ધિના, રોગી અને નિરોગી, સૌ કોઈને માટે ઉઘાડાં છે. એનો લાભ સૌ કોઈ લઈ શકે છે. આહાર વિહારના કડક નિયમોનું પાલન પણ એમાં નથી કરવું પડતું. એનો સાધનાનો અભ્યાસક્રમ પણ એટલો બધો અટપટો નથી. એ અભ્યાસક્રમ સરળ, સીધો અને સચોટ છે. વળી, એમાં બાહ્ય ત્યાગનું મહત્ત્વ એટલું બધું નહીં હોવાથી, લૌકિક વ્યવહારની વચ્ચે રહીને, પોતાનાં કર્તવ્યો કરતાં કરતાં પણ માણસ એનો આધાર લઈ શકે છે. એ દ્રષ્ટિએ જોતાં, આજના કર્મપ્રધાન યુગને માટે એના જેવો અનુકૂળ સાધના માર્ગ બીજો એકે નથી. જ્ઞાન અને યોગનો સ્વાદ પણ એના અનુષ્ઠાનથી આપોઆપ મળી રહે છે એ ભાવાર્થમાં તમે ભક્તિને ઉત્તમ કહી શકો.

**પ્રશ્ન : કોઈના જીવનમાં સાચી ભક્તિ પ્રકટ થઈ છે એવું ક્યારે સમજી શકાય ?**

**ઉત્તર :** એનાં અમુક લક્ષણો છે. જ્યારે સાચી ભક્તિ પ્રગટે છે, ત્યારે ભક્તનું મન સંસારના બધા જ રસ, વિષય, કે

પદાર્થોમાંથી પાછું વળીને, કેવળ ઈશ્વરમાં જ લાગી જાય છે, ઈશ્વર વિના એનું મન બીજા કશાને ભજતું, રટતું, ઝંખતું અથવા ચાહતું નથી. ઈશ્વરને માટે એ આકુળવ્યાકુળ બની જાય છે. ઈશ્વરનું સ્મરણ કરતાંવેંત, ભક્તનું હૃદય ભાવથી ભરાઈ જાય છે, એની આંખમાંથી અનુરાગનાં અશ્રુ ટપકે છે અને એનું અંગેઅંગ ઈશ્વરને મળવા માટે આતુર બની જાય છે. એવી દશા એક બે દિવસ માટે નહીં, પરંતુ દિવસો, મહિના ને વરસો સુધી રહે, ત્યારે ભક્તિ થઈ એમ કહેવાય છે. એને પરમપ્રેમનું બીજું નામ પણ આપી શકો.

**પ્રશ્ન : ભક્તિના પ્રકાર કેટલા છે તે કહેવાની કૃપા કરશો ?**

**ઉત્તર :** ભક્તિના પ્રકાર મુખ્યત્વે તો બે છે. સગુણ અને નિર્ગુણ અથવા તો સાકાર અને નિરાકાર.

**પ્રશ્ન : સગુણ અને નિર્ગુણ અથવા સાકાર અને નિરાકાર ભક્તિ કોને કહેવાય ?**

**ઉત્તર :** એનું સ્પષ્ટીકરણ એ નામ પરથી જ મળી રહે છે. પરમાત્માને નિર્ગુણ, નિરાકાર અને સમસ્ત સંસારમાં વ્યાપક સમજીને જે ભક્તિ કરાય છે, તેને નિર્ગુણ કે નિરાકાર ભક્તિ કહેવામાં આવે છે, તથા કોઈ એક કે વિશેષ ગુણથી યુક્ત અથવા તો રૂપથી સંપન્ન સમજીને જે ભક્તિનું આલંબન લેવામાં આવે છે તે ભક્તિને સગુણ કે સાકાર ભક્તિ કહેવામાં આવે છે. બંને પ્રકારની ભક્તિનું ફળ એક જ છે, અને તે પરમાત્માનો સાક્ષાત્કાર છે. એ સાક્ષાત્કારનું સ્વરૂપ જુદું હોય છે. પરંતુ એથી પરમ શાંતિ તથા મુક્તિની પ્રાપ્તિ થાય જ છે.

**(ક્રમશઃ)**




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૯ જૂન—૨૦૧૭ અંક ૯**


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ (૩૦)

**તા.૨૫—૧૨—૮૨, શનિવાર, માગસર સુદ નોમ ૨૦૩૯**

**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબનથી વિદાય**

આજે ડરબનથી ડન્ડી નામના શહેરમાં કાર્યક્રમ માટે વિદાય થવાનું છે.

ડન્ડી ડરબનથી ૩૦૦ કિલોમીટર દૂર છે. સવારનો નિત્યક્રમ એ જ રહે છે. કપડાં જાતે જ ધોઈ નાંખવાનું બને છે.

ભોજન બાદ આજે ટ્રુરો રેડિયો ઉપરથી પૂ.શ્રીની અંગ્રેજીમાં પ્રશ્નોત્તરીની મુલાકાત રીલે થનાર હતી તે સાંભળી. વિષય હતો ‘આત્મ—સાક્ષાત્કાર’. પૂ.શ્રીએ એ કાર્યક્રમ ખૂબ ધ્યાનથી સાંભળ્યો. પછી બોલ્યા : કોઈ કોઈ શબ્દો ખૂબ સરસ હતા.

ઉતારા ઉપરથી અમે એક વાગ્યે વિદાય થયાં. દોઢ વાગ્યે ગાડી ચાલુ થઈ. અઢી વાગ્યે ડરબનથી પીટ્સમેરીબર્ગ પહોંચી

ગયાં. ત્યાં થોડું રોકાઈ આગળ ચાલ્યાં. ત્યાં એસ્કોટ નામનું શહેર આવ્યું. પછી આવ્યું કોલેંગો નામનું શહેર, જે તુંગેલા નદી ઉપર છે. ત્યાં ખનિજ કોલસો પુષ્કળ નીકળે છે.

માર્ગમાં લેડીસ્મિથ નામનું શહેર પણ આવ્યું, જ્યાંથી ગાંધીજીએ સત્યાગ્રહની લડત શરૂ કરેલી. ત્યાં એક પ્રાર્થના હૉલ છે. બહાર મેદાનમાં ગાંધીજીની સુંદર, મોટી, કાળા રંગની ઊભેલી મૂર્તિ જોવા મળી. અમે એ બહારથી જ જોઈ લીધું ને આગળ ચાલ્યાં. એક તરફ ન્યુ કાસલ નામના શહેરમાં જવાનો માર્ગ પણ હતો.

છ વાગ્યે ડન્ડી આવી ગયાં.

માર્ગમાં સત્સંગની જ વાતો થઈ.

ઈન્ડિયન એરિયામાં બજારમાં જ સોની બીલ્ડિંગ નામ વાંચવા મળ્યું. ત્યાંથી જમણી તરફના ત્રીજા મકાનમાં અમારો ઉતારો હતો. નાના સ્વતંત્ર બંગલા જેવું એ મકાન હતું. બહાર આગળના ભાગે નાનકડો બાગ હતો. પાછળ મોટો વાડો હતો. મકાનમાં એક બહેન અને તેની નાનકડી દીકરી એમ બે જ રહે છે. બેઠકની સામેના પ્રથમ ઓરડામાં જ અમારો સામાન મુકાયો.

દોઢ કલાક પછી અહીં સત્સંગનો કાર્યક્રમ ગોઠવાયો. શરૂઆતમાં એક ભજન શ્રી. ડાહ્યાભાઈએ ગાયું. પછી મારે ગાવાનું થયું. 'યોગેશ્વર માવડી રે !' ભજન ગવડાવ્યું. પૂ.શ્રીએ પ્રભુને મા સ્વરૂપે કોણે કોણે ભજ્યા તે કહ્યું. એમાં ચાંગદેવનો પ્રસંગ પણ પૂ.શ્રીએ વણી લીધો. પછી પ્રશ્નોત્તરી શરૂ થઈ.

પૂ.શ્રીએ ભજન ગવડાવ્યું : 'મોંઘુ જીવન વેગે વહી જાય.'



એમાંથી જ એક પ્રશ્ન પુછાયો :

'આપ જીવનને મોંઘું કહો છો, જ્યારે મહાત્મા ગાંધીજી જીવનને સસ્તું કહેતા હતા. તો સાચું શું ?'

પૂ.શ્રીએ જવાબ આપતાં કહ્યું : હું તો મહાપુરુષો ને સંતોને અનુસરું છું. તુલસીદાસે જણાવ્યું છે કે 'બડે ભાગ માનુષતન પાવા, સુર—દુર્લભ સબ ગ્રંથન ગાવા.' વળી 'દુર્લભો માનુષો દેહો' એમ શુકદેવજી કહે છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે પૃથ્વી ઉપર રહીને જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. માટે આ જીવન કીંમતી છે.

વળી, તેમણે કહ્યું : ગાંધીજીની વાત પણ સાચી છે. આટલા મોંઘા જીવનને કેવું વેડફી નાંખવામાં આવે છે ? આજે માનવની કોઈ કિંમત નથી. વાતવાતમાં ખૂન થાય છે. માનવનું અપમાન ઘરમાં પણ કર્યા જ કરીએ છીએ. સામાન્ય મજૂરને પણ તેની મહેનતના પ્રમાણમાં પૂરતી મજૂરી આપતા નથી. તો આ માનવની તમે કેવી સસ્તી ગણતરી કરી ? ઘરમાં સ્ત્રી, બહેન, માતા સાથે માનભર્યો વ્યવહાર રાખતા નથી. માનવજીવન આવું સસ્તું છે. ગાંધીજી એમ કહેવા માગતા હતા.

સાડા નવ થઈ ગયા. થોડી વાતો બીજી થઈ. પછી, દૂધ—ફળ લઈને આરામ કર્યો.

અહીં ઘણી શાંતિ છે. ટી.વી. કે રેડિયોનો કોઈ ઘોંઘાટ નથી. માર્ગ ઉપર પણ રજા હોવાથી વાહનોનો અવરજવર ઓછો છે. આજે ડરબનથી નીકળ્યા ત્યારે પણ માર્ગમાં વાહનવ્યવહાર નહીંવત્ હતો. રસ્તાની બન્ને બાજુ તારની વાડ હતી. ખેતરોમાં કાળી ને કથ્થઈ રંગની ઘણી ગાયો ચરતી હતી. કોઈ પશુ કે

માણસ માર્ગમાં ચાલતું જોવા ન મળે.

ડન્ડીમાં દશ–બાર ગુજરાતી પરિવારો રહે છે. હિન્દીઓ બેએક હજાર હશે. છ હજાર આફ્રિકાનો ને નવ હજાર યુરોપીયનો આશરે વસે છે એવું જાણવા મળ્યું. આજે બપોરથી અહીં વરસાદ છે. પરિણામે ઠંડી શરૂ થઈ છે.

**તા.૨૬–૧૨–૮૨, રવિવાર, માગસર સુદ અગીઆરશ**
**૨૦૩૯ વિલ્સન સ્ટ્રીટ, ડન્ડી શહેર**

અતિશય શાંતિ ઘણા દિવસે અનુભવવા મળી. ડરબનનો ઉતારો આખોયે દિવસ રેડિયો ને સંસારી વાતોના ઘોંઘાટથી ગાજતો હતો. અહીં જાણે ભારતના કોઈ એકાંત સ્થાનમાં રહેતાં હોઈએ એવું લાગે છે.

જાહેર માર્ગ ઉપર રજાને લીધે ખૂબ શાંતિ છે. ઘરમાં પણ અતિશય શાંતિ છે. યજમાન પણ ભાવિક છે. અહીં બે દિવસ રહેવાનું છે.

આજે અગીઆરશ છે. તેથી ફળ–દૂધ લઈએ છીએ. સાડા અગીઆર વાગ્યે તે કાર્ય પૂર્ણ થાય છે.

આ ઘરના બેઠક ખંડમાં નાનકડું મંદિર છે. તેમાં ભગવાન શ્રીકૃષ્ણની આકર્ષક મૂર્તિ છે. શ્રી રામકૃષ્ણદેવ, શારદામાતા ને વિવેકાનંદ પણ અહીં તસવીરો રૂપે છે. નિયમિત સેવાપૂજા થાય છે.

યજમાન બહેન હાથ જોડીને પૂ.શ્રીને કહે છે : આપ આપનું ઘર છે એમ માનીને જેટલું રહેવું હોય તેટલું રહો. બીજે પ્રવચનો છે ત્યાં ના ફાવે તો અહીં જ આવજો.

શ્રી. રતિભાઈ, શ્રી. શાંતિભાઈ, શ્રી. ડાહ્યાભાઈ આવે છે.



પૂ.શ્રી તેમને ‘હરિઃ ૐ’ કહે છે. પછી, પૂ.શ્રી કહે છે : અમે ‘હરિ ૐ’ કહીને શંકરદાદાને, યોગીઓના યોગીને યાદ કરીએ છીએ.

આજે ફળાહારમાં સીંગદાણા પણ હતા. કેળાની છાલ ઉતારી તે કેળા ઉપર સીંગદાણા લગાડીને પૂ.શ્રી ખાવા માંડે છે. મને કહ્યું : એકલાં કેળાં ના ભાવે. જુઓ, આ રીતે સ્વાદ જ બદલાઈ જાય છે. મને હસતી જોઈને પૂ.શ્રી કહે છે : જુઓ, મહાત્મા કાંઈ અમસ્તા થયા ? કેટલી બુદ્ધિ હશે, કેટલો સંયમ હશે, ત્યાગ ને તપ કેવાં હશે ? સગાંવહાલાંથી દૂર રહેવાની કેવી કેવી તૈયારી હશે ?

સમય થતાં અમે બેઠક ખંડમાં જઈએ છીએ.

ડન્ડીમાં કોલસાની ખાણ જોવા જેવી છે. મહાત્માજી ! આપણે થોડું બહાર ફરી આવીએ. કોલમાઈન જોઈ આવીએ. પૂ.શ્રીએ કહ્યું : આ તો કોલમાઈન. મને એમ કે ગોલ્ડમાઈન જોવાની છે. ગોલ્ડમાઈન તો આપણી જોડે જ ફરે છે-

**સોનાની ખાણ મળે નિર્ધનને જેવી,**
**મોંઘેરી જિન્દગી મળી આપણને તેવી.**

શ્રી. રતિભાઈ કહે : મહાત્માજી ! જેમ મૌનથી મોં બંધ થાય તેમ કાન બંધ થાય કે નહીં ?

પૂ.શ્રી કહે : હા. સમાધિમાં થાય. પણ જુઓ. કાનથી સંભળાય છે તેમાં કાંઈ નુકશાન છે ? જોવામાં કાંઈ નુકશાન છે ? ના. જે જોવાનું છે તે સપાટી ઉપરથી કાંઈ દેખાય છે ? આ તમારું કપાળ, વાળ, પેન્ટ દેખાય છે, પણ એની અંદર જે જોનારો છે તે દેખાયો ?

અમે તો રહીએ છીએ, ફરીએ છીએ, જોઈએ છીએ, પણ તે

બહારની સપાટીથી જોતા નથી. તેથી આનંદ છે. કાનથી સાંભળીએ છીએ તે પણ આત્માનો અવાજ. સ્પર્શ થાય છે તો તેનો જ સ્પર્શ માનીએ છીએ. તો જુઓ સદા આનંદ છે.

પછી વળી હરિદ્વાર, મસુરીની વાતો થાય છે. બહાર ફરવા લઈ જવાની શ્રી. રતિભાઈની ભાવના અહીં પણ જીવંત જ હતી. પરિણામે બહાર નીકળ્યાં.

ડન્ડી શહેરનું નામ સ્કોટલેન્ડના એક શહેરનું નામ છે. સ્કોટલેન્ડથી અંગ્રેજ પ્રજા આવીને અહીં રહેતી હતી. તેથી સ્કોટલેન્ડનું એ ડન્ડી નામ તેમણે અહીં પણ આપ્યું. ન્યુ કાસલ નામ પણ સ્કોટલેન્ડનું જ છે.

ડન્ડીની બહાર કોલસાની ખાણ જોવા જવાનું બને છે. પથ્થરના પર્વતો દૂરથી દેખાતા હતા. નજીક પહોંચ્યાં તો જોયું કે એ જ કોલસાની ખાણ હતી. ઘણો મોટો પર્વત. એ પર્વતને નીચેથી તોડેલો હતો. જે કાળા રંગનો ભાગ દેખાતો હતો તે ખનિજ કોલસો હતો. પથ્થરને તોડીને પર્વતમાં અંદર ભોંયરા જેવું બનાવ્યું હતું. તેમાં માલગાડી જઈ શકે અને એમાં કોલસા ભરાઈને બહાર આવે. એક ઈલેક્ટ્રિક મોટી લપસણી જેવું સાધન પણ ત્યાં હતું. એનાથી પણ ખાણનો કોલસો બહાર આવતો હતો.

એક તરફ હજારોની સંખ્યામાં કોથળાઓમાં તે કોલસો ભરાયેલો જોવા મળ્યો.

ડન્ડીમાં આવી તો બે—ત્રણ ખાણ છે. અહીં બે તળાવ પણ છે, જ્યાંથી ડન્ડીને પીવાનું પાણી મળે છે. ત્રણ વરસથી અહીં ખાસ વરસાદ જ નથી. તેથી આ વખતે હજી પણ વરસાદ ના આવે તો પાણીની તંગીનો અનુભવ થશે.



અહીં મકાઈનો પાક થાય છે. ચોખા, ઘઉં થતાં નથી. અહીં ઠંડી ઘણી પડે છે. બરફ પણ પડે છે.

અહીં અંગ્રેજો અને સમગ્ર જનતાને માટે એમ બે અલગ હોસ્પિટલો છે. સામાન્ય હોસ્પિટલમાં યુરોપીયન તથા ભારતીય ડૉક્ટરો છે, જ્યારે અંગ્રેજોની હોસ્પિટલમાં અંગ્રેજ ડૉક્ટરો છે. છતાં, અહીંના ડિસ્ટ્રિક્ટ સિવિલ સર્જન ડૉ.ચૌહાણ મુસ્લીમ છે.

આ શહેર પણ સ્વચ્છ છે. રસ્તાઓ પહોળા છે. સોસાયટી જેવાં મકાનો પણ છે.

દોઢ કલાક ફર્યા પછી ઉતારા ઉપર આવી ગયાં. અમારી સાથેના ત્રણે ભાઈઓએ ડરબન જવા માટે વિદાય લીધી.

ઉતારા ઉપર આવીને આરામ કર્યો. અહીંના બેઠક ખંડમાં પુસ્તકો પણ છે. એમાંથી સ્વામી શિવાનંદનું અને સ્વામી વિવેકાનંદનું એમ બે પુસ્તકો મેં લીધાં. પૂ.શ્રીએ એ પુસ્તક જોયા પછી સ્વામી શિવાનંદના જીવન અને વ્યવહારની વાતો કરી. પૂ.શ્રી તેઓને પહેલાં મળ્યા હતા.

પૂ.શ્રીનો અનુભવ એવો હતો કે આધ્યાત્મિક રીતે આગળ વધેલા સંતપુરુષો પોતાના શિષ્યો સિવાય બીજા સાધકોને ભાગ્યે જ કોઈ પ્રેરક પ્રોત્સાહન પ્રદાન કરતા હોય છે. કોઈ સાધકના સર્વોત્તમ અનુભવને પણ તેઓ ભાગ્યે જ સાંભળતા હોય છે.

પૂ.શ્રીની વાતો સાંભળવાની જ હતી. મૌન હોવાથી મારે કોઈ પ્રશ્ન પૂછવાનો ન હતો.

આધ્યાત્મિક રીતે સર્વોત્તમ શિખરે પહોંચેલા પૂ.શ્રીનો વ્યવહાર તો સામાન્ય, અસામાન્ય, પરિચિત, અપરિચિત કોઈ પણ સાધક હોય તોપણ તેની સાથે તટસ્થ રહીને સાચું માર્ગદર્શન પૂરું પાડવાનો હોય છે. તેથી પૂ.શ્રી પાસેથી કોઈ પણ પંથ કે ધર્મ

યા સંપ્રદાયનાં ભાઈ—બહેનોને સાચું માર્ગદર્શન મળે છે. આદર્શ વ્યવહારની દૃષ્ટિએ પૂ.શ્રીનો વ્યવહાર ઉત્તમ હોય છે.

સાંજે છ વાગ્યાથી સાડા આઠ સુધી પ્રવચનનો કાર્યક્રમ થયો. આજનું પ્રવચન 'મૂકમ્ કરોતિ વાચાલમ્' ઉપર હતું.

પ્રવચન બાદ નાના મોટા સૌ નમસ્કાર કરીને પ્રસાદ લઈને છૂટા પડ્યા.

આજે આ ઉતારાનાં યજમાન બહેનનો પરિવાર બહારગામથી રજા માણવા આવ્યો હતો. અમારો ઉતારો અહીં હતો તેથી અમને ખલેલ ન પડે તે માટે તેમણે અગાઉથી જ તેમની વ્યવસ્થા બીજે કરી હતી. ભોજનની પણ બીજે જ સગવડ કરી હતી.

પરદેશમાં એક સંતપુરુષ માટે આવું ભાગ્યે જ કોઈ કરી શકે, પણ આ યજમાન બહેને આદરભાવને લીધે તેમ કરી બતાવ્યું. અમને તો એ વાતની પાછળથી ખબર પડી.

આ યજમાન બહેનના પતિ હાલ ભારતમાં છે. આ ઘરમાં લસણ—ડુંગળી વપરાતાં નથી. એટલા ચુસ્ત આહારવિહારવાળું આ ઘર છે.

"આપ બીજા શહેરમાં પ્રવચન માટે જશો ત્યારે ત્યાં ન ફાવે તો અહીં જ આવી જજો." આ શબ્દો આજે પણ યજમાન બહેને પૂ.શ્રીને કહ્યા.

સંતો પ્રત્યેના આદરભાવ વિના કોણ આવું કરી શકે ?

આ ઉતારો પૂ.શ્રીને પણ સર્વપ્રકારે અનુકૂળ છે. ગુજરાતીઓનાં ઘરો ૧૦—૧૨ જ છે. બધા જ પ્રવચનમાં આવે છે. લોકો ભાવિક છે. હરિઃ ૐ



# આંખ મીંચાશે ત્યારે

—યોગેશ્વરજી

સાધારણ દેખાતી ઘટનાઓમાં પણ કેટલીક વાર અસાધારણ રહસ્ય સમાયેલું હોય છે. અલબત્ત, એ રહસ્યનો તાગ મેળવવાની વૃત્તિ તથા શક્તિ હોવી જોઈએ. હંસની પેઠે જે સૌમાંથી સાર ગ્રહણ કરે છે તેને માટે સમસ્ત સંસાર એક મહાન વિશ્વવિદ્યાલયરૂપ બની જાય છે અને જીવનની પ્રત્યેક પરિસ્થિતિ કે ઘટના ગ્રંથરૂપ. એવા સાર ગ્રહણ કરનારા પુરુષો બહુ વિરલ દેખાય છે એ વાત સાચી છે, પરંતુ એવા પુરુષો પોતાના જીવનને આશીર્વાદરૂપ બનાવી શકે છે, એ પણ એટલું જ સાચું છે.

ઋષિકેશમાં થોડાંક વરસ પહેલાં એવા એક સત્પુરુષ આવી પહોંચ્યા.

એ મુંબઈના નિવાસી હતા, ખૂબ જ શ્રીમંત હતા, તથા સમાજમાં પ્રતિષ્ઠિત પણ હતા.

ગૃહસ્થાશ્રમમાં એમણે લીલાલહેર કરવામાં બાકી નહોતી રાખી.

પહેલેથી જ એ વ્યસની તથા કુમાર્ગગામી હતા.

પરંતુ એક ધન્ય દિવસે એમની આંખ ઊઘડી.

પોતાના આલિશાન મકાનની વિશાળ અગાસીમાં બેઠા બેઠા એકાગ્ર ચિત્તે ચાંદની રાતે એ પોતાના મિત્રોની પ્રશસ્તિ સાંભળી રહ્યા હતા ત્યારે એમનો એક મિત્ર ભર્તુહરિનું વૈરાગ્યશતક લઈને આવી પહોંચ્યો.

વૈરાગ્યશતકનો પેલો પ્રખ્યાત શ્લોક એને અત્યંત પ્રિય હતો. તે એણે વારંવાર અર્થ સમજાવતાં ગાવા માંડ્યો :

**'ચેતોહરા યુવતયઃ સ્વજનોઽનુકૂલ**
**સદબાંધવા પ્રણતિગર્ભમિદં ચ ભૃત્યાઃ,**
**ગર્જન્તિ દન્તિનિવહાઃ તરલા તુરંગાઃ**
**સંમિલને નયનયો ર્નહિ કિંચિદસ્તિ.'**

ચિત્તનું હરણ કરનારી સુંદર સ્ત્રીઓ છે, અનુકૂળ સગાંસંબંધી તથા ભાઈઓ છે, ખડે પગે આજ્ઞા ઝીલવા સેવકો છે, હાથી તથા ઘોડાઓ છે. એવી રીતે સંક્ષેપમાં કહીએ તો સર્વ પ્રકારની સાંસારિક સુખસાહ્યબી ને સંપત્તિ છે, છતાં પણ એમાં ખરેખર તારું એવું શું છે ? આંખ મીંચાશે એટલે એમાંનું કશું જ નહીં હોય. કશું જ સાથે નહીં આવે.

એવા શબ્દોએ પેલા શ્રીમંત વિલાસી પુરુષના મનમાં ક્રાંતિ કરી. એવા શબ્દો અને ભાવો એમનાથી અજ્ઞાત હતા એવું ન હતું છતાં પણ એ એવી અસરકારક રીતે ને યોગ્ય વખતે બોલાયા હતા કે એમની આંખ ઉઘડી ગઈ.

એના અનુસંધાનમાં જ એ ઋષિકેશ આવેલા—ત્યાંના શાંત એકાંત વાતાવરણનો લાભ લેવા. અલબત્ત, થોડા દિવસને માટે. કેમ કે એમણે બાહ્ય ત્યાગ કર્યો ન હતો તથા કરવા માગતા પણ ન હતા. એ કહેતા કે ઘરનો ત્યાગ કે નામનો ત્યાગ કે વસ્ત્રોનો ત્યાગ શા માટે કરું ? ત્યાગ કરવાનો છે તે તો મનની મલિન વૃત્તિઓનો, વાસનાઓનો, વિચારોનો, કુટેવોનો ને કુકર્મોનો.

એમને થયું કે આટલી બધી સંપત્તિ હોવા છતાં એમાં મારું શું



છે ? યુવાનીના મદમાં અને સંપત્તિના નશામાં ભાન ભૂલીને મેં કેટલીય જાતનાં કુકર્મ કર્યાં અને અત્યાર સુધીના જીવનને એવી રીતે એળે ગુમાવ્યું. હવે મારે સવેળા ચેતવું જોઈએ ને શેષ રહેલા જીવનનો સદુપયોગ કરવો જોઈએ.

એમણે પવિત્ર જીવન જીવવાનો સંકલ્પ કર્યો.

સંકલ્પ કર્યો એટલું જ નહીં, એ પ્રમાણે ચાલવા પણ માંડ્યું.

ભર્તુહરિના વૈરાગ્યશતકનો પેલો શ્લોક એમનો જીવનશ્લોક બની ગયો. એની છેલ્લી પંક્તિ એમને માટે અત્યંત પ્રેરક થઈ પડી.

એમનું જીવન પલટાઈ ગયું. પવિત્ર ત્યાગથી જ શાંતિ મળે છે ને જીવન ધન્ય બને છે. એટલે હું તો ઘરમાં જ રહીશ, વ્યવહાર કરીશ, ધંધામાં ધ્યાન આપીશ, પરંતુ પ્રામાણિકતાથી ચાલીશ. ને મન બીજા કશામાં નહીં પણ ઈશ્વરમાં જ જોડવાનો પ્રયાસ કરીશ. જેથી આંખ બંધ કરવાનો સમય આવે ત્યારે શાંતિથી બંધ કરી શકું, અને તે પહેલાં બનતાં કલ્યાણકારક કામ પણ કરી શકું.

એમની સમજણ જોઈને મને આનંદ થયો. થાય જ ને ?

આ ગોપીકાનન્દન ભગવાન પોતાના અનન્ય પ્રેમીભક્તોને માટે જેટલા સુલભ છે તેટલા સુલભ દેહાભિમાની કર્મકાણ્ડી અને તપસ્વીઓને તથા પોતાના સ્વરૂપભૂત જ્ઞાનીઓને પણ નથી.

**—ભાગવત**

# ગુરુએ જ્ઞાનનું ઝરણું તથા નહેર છે

**–સ્વામી રામ**

ગુરુ શબ્દનો એટલો બધો ગેરઉપયોગ થયો છે કે ક્યારેક મને દુઃખ અનુભવાય છે. તે કેટલો બધો ઉમદા, અદ્‌ભૂત શબ્દ છે. તમારી માતા તમને જન્મ આપે અને તમારા માતા–પિતા તમને ઉછેરે તે પછી ગુરુની ભૂમિકા શરૂ થાય છે અને તેઓ તમારા જીવનનો હેતુ પરિપૂર્ણ કરવામાં મદદ કરે છે. હું ઘણો ખરાબ હોઉં તો પણ જો કોઈક મને ગુરુ કહે છે, તો મારે તે વ્યક્તિ કે જે મને તેવો જોવાની અપેક્ષા રાખે છે. તેને ખાતર પણ ઉત્તમ થવું જોઈએ. ગુરુ એ શિક્ષક કરતાં અલગ છે. ગુરુ એ બે શબ્દોનું સંયોજન છે ગુ અને રુ. 'ગુ' એટલે ''અંધકાર'' અને 'રુ' એટલે ''પ્રકાશ'' : જે અજ્ઞાનના અંધકારને દૂર કરે છે તે ગુરુ કહેવાય છે. પશ્ચિમમાં ગુરુ શબ્દનો ઘણીવાર–મોટેભાગે ગેરઉપયોગ થાય છે. ભારતમાં આ શબ્દનો ઉપયોગ આદરપૂર્વક–પૂજ્યભાવ સાથે થાય છે અને તે હંમેશાં પવિત્રતા તથા સર્વોચ્ચ જ્ઞાન સાથે જોડાયેલો છે. તે ખૂબ જ પવિત્ર શબ્દ છે. તે ભાગ્યે જ એકલો વપરાય છે, હંમેશાં એક અનુગ–દેવ સાથે ઉપયોગ કરાય છે. દેવ એટલે ''તેજસ્વી હોવું''. એક જ્ઞાન પ્રાપ્ત કરેલા ગુરુને ગુરુદેવ કહેવાય છે.

એક સામાન્ય શિક્ષક અને આધ્યાત્મિક ગુરુ વચ્ચે બહોળો ફરક છે. ગુરુના બધા જ અનુયાયીઓ, પછી તેમની ઉંમર ગમે તે હોય, તે એંસી વર્ષના હોય તો પણ, તેમને માટે બાળક સમાન છે. તેઓ બદલામાં કશાયની અપેક્ષા રાખ્યા વગર, તેમને પોષશે, તેમને આશ્રય આપશે અને પછી તેમને ભણાવશે. મેં



મારા ગુરુને પૂછ્યું, ''તે આમ શા માટે કરે છે ?'' તેમણે કહ્યું, ''તેમને જેઓ તૈયાર થયેલા છે તેવા મુમુક્ષુઓને ભણાવવા સીવાય કોઈ બીજી ઈચ્છા હોતી નથી. જો તે આ ન કરે, તો તે શું કરશે ?''

જ્યારે એક વિદ્યાર્થી એક ગુરુ પાસે જાય છે ત્યારે તે સૂકી લાકડીઓનો એક ભારો લઈ જાય છે. તે પૂજ્યભાવ તથા પ્રેરણાપૂર્વક પ્રણામ કરે છે, અને કહે છે, ''હું આ અર્પણ કરું છું.'' આ સૂચવે છે કે તે સર્વોચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરવાની એક માત્ર ઈચ્છા સાથે પોતાનાં મન, વચન તથા કર્મ સાથે પોતાની જાતને સમર્પિત કરે છે. ગુરુએ લાકડીઓને બાળે છે અને કહે છે, ''હવે હું તને માર્ગદર્શન આપીશ અને ભવિષ્યમાં રક્ષણ કરીશ.'' પછી તે આ વિદ્યાર્થીને વિવિધ સ્તરે દિક્ષા આપે છે અને અભ્યાસ કરવા માટે કાર્યપદ્ધતિ આપે છે. આ એટલા બધા શુદ્ધ સંબંધો છે, કે મને નથી લાગતું કે બીજા કોઈ સંબંધોની સરખામણી પણ થઈ શકે ! ગુરુ પાસે જે કાંઈ પણ છે, તેમનું શરીર, મન તથા આત્મા પણ, તે તેના વિદ્યાર્થીનું છે. પરંતુ જો તેમની કોઈ વિચિત્ર આદતો છે. તો તે માત્ર તેની પોતાની છે.

ગુરુ એક શબ્દ આપે છે અને કહે છે, ''આ તારો શાશ્વત મિત્ર બની રહેશે. આ શબ્દને યાદ રાખ. તે તને મદદ કરશે. આને મંત્ર દિક્ષા કહેવાય છે. પછી તેઓ મંત્રનો ઉપયોગ કેવી રીતે કરવો તે સમજાવે છે. તેઓ અવરોધો દૂર કરે છે. વિદ્યાર્થીને ઈચ્છાઓ તથા ઘણી સમસ્યાઓ હોવાથી તે કેવી રીતે યોગ્યતાપૂર્વક નિર્ણયો લેવા, તે નથી જાણતો. આથી ગુરુ તેને કેવી રીતે નક્કી કરવું તથા કેવી રીતે શાંત તથા સ્વસ્થ રહેવું તે શીખવે છે.'' તેઓ કહેશે, ''કેટલીક વાર તારી પાસે ઉમદા

વિચારો હોય છે, પરંતુ તેમને ક્રિયામાં કેવી રીતે લાવવા તે તું જાણતો નથી. ચાલ, તારું મગજ એકધ્યાની કર. તું શક્તિશાળી છો, અને મારા આશીર્વાદ તારી સાથે છે.''

તમે તમારાથી થઈ શકે તે શ્રેષ્ઠ વસ્તુ તેમના માટે કરવાનો પ્રયત્ન કરો છો, પરંતુ તેમ કરી શક્તા નથી, કારણ કે તેમને કશાયની જરૂર નથી. આવા કરુણામય વ્યક્તિ સ્વયં—સ્ફુરીત રીતે તમારું ધ્યાન આકર્ષે છે, કારણ કે તમે વ્યગ્ર છો. તમને નવાઈ લાગે છે, ''તેઓ મારે માટે આટલું બધું શા માટે કરે છે ? તેઓ મારી પાસેથી શું ઈચ્છે છે ?'' તેઓ કશું જ ઈચ્છતા નથી, કારણ કે તેઓ જે કરે છે તે તેમની ફરજ છે. તેમનાં જીવનનો હેતુ છે. જો તે તમને માર્ગદર્શન આપે છે, તો તે તમારા પર ઉપકાર નથી કરતા, તેઓ પોતાનું કાર્ય કરે છે. તેઓ પોતાની ફરજ બજાવ્યા વગર જીવી શકે નહીં.

આવા લોકો ગુરુ કહેવાય છે. તેઓ માનવજાતને માર્ગદર્શન આપે છે. જેવી રીતે સૂર્ય પ્રકાશે છે અને ઘણો દૂર રહે છે, તેવી રીતે ગુરુ તેમનો આધ્યાત્મિક પ્રેમ આપે છે અને બીન—જોડાયેલા રહે છે. ગુરુ એ શારીરિક અસ્તિત્વ નથી. જેઓ ગુરુ વિશે એક શરીર અથવા એક માણસ તરીકે વિચારે છે તેઓ આ પવિત્ર શબ્દનો અર્થ સમજતા નથી. જો એક ગુરુ એવું વિચારવા પર આવે છે કે તેની શક્તિ તેની પોતાની જ છે, તો પછી તેઓ માર્ગદર્શક રહી શક્તા નથી. ગુરુ એ એક પરંપરા છે; તેઓ જ્ઞાનનું ઝરણું છે. આ જ્ઞાનનું ઝરણું ઘણી નહેરો દ્વારા જાય છે. ક્રાઈસ્ટે પણ જ્યારે તેમણે લોકોને સાજા કર્યા અને તેઓએ તેમને 'માલીક' કહ્યા, ત્યારે તેમણે કહ્યું, ''આ તો મારા 'પિતા' ને



કારણે છે; હું તો માત્ર એક નહેર છું.''

કોઈ માનવપ્રાણી ક્યારેય એક ગુરુ બની શકે નહીં. પરંતુ જ્યારે એક માનવ પ્રાણી પોતાની જાતને શક્તિઓની શક્તિ વડે મેળવવાની તથા આગળ પસાર કરવાનાં માધ્યમ તરીકે ઉપયોગ થવા દેવાની છૂટ આપે, તે આ બને છે. અને તેને માટે, માનવ પ્રાણીએ નિઃસ્વાર્થ બનતાં શીખવું પડે. સામાન્ય રીતે પ્રેમ એ સ્વાર્થીપણા સાથે ગુંચવાય છે. મારે કંઈકની જરૂર છે, આથી હું કહીશ, ''હું તને પ્રેમ કરું છું.'' તમારે કંઈકની જરૂર છે, આથી તમે મને પ્રેમ કરો છો. આપણે દુનિયામાં જેને પ્રેમ કહીએ છીએ, તે આ છે. પરંતુ જ્યારે તમે નિઃસ્વાર્થપણે, સ્વયં સ્ફૂરિત રીતે ક્રિયાઓ કરો છો, તો તે ખરેખર પ્રેમ છે. તમે કોઈ બદલાની અપેક્ષા રાખતા નથી. સાચા ગુરુ નિઃસ્વાર્થપણા વગર જીવી શકે નહીં. કારણ કે નિઃસ્વાર્થ પ્રેમ એ તેમની પ્રબુધ્ધતાનો મૂળભુત પાયો છે. તેઓ દુનિયાના અજાણ્યા ખૂણાઓમાંથી જીવન તથા પ્રકાશ પ્રસરાવે છે. દુનિયા તેમને જાણતી નથી, અને તેઓ માન્યતા ઈચ્છતા નથી.

જેઓ તમારી પાસે આવે છે, અને ''મને પૂજો'' એવી માંગણી કરે છે, તેવા કોઈને ક્યારેય ન માનો. ક્રાઈસ્ટ અને બુધ્ધે પણ આવું નહોતું માગ્યું. ક્યારેય એ ન ભૂલો કે ગુરુ એ તમારું લક્ષ નથી. ગુરુ તો નદી પાર કરવાની હોડી જેવા છે. એક સારી હોડી હોવી તે ખૂબ જ મહત્ત્વનું છે, અને ગળતર થતું હોય તેવી હોડી હોવી તે ખૂબ જ જોખમી છે. પરંતુ તમે નદી પાર કરી લીધા પછી તમારી બોટને વળગી રહેવાની જરૂર નથી, અને ચોક્કસપણે તમે તે હોડીને નથી પૂજતા.

ઘણા ધર્માંધો વિચારે છે કે તેમણે ગુરુને પૂજવા જોઈએ. ગુરુને તમારો પ્રેમ તથા આદર મળવા જોઈએ—પરંતુ તે પૂજા કરવા કરતાં જુદું છે. જો મારા ગુરુ અને ઈશ્વર, બંને સાથે આવે, તો હું પ્રથમ મારા ગુરુ પાસે જઈશ અને કહીશ, "તમારો ખૂબ આભાર. તમે મને ઈશ્વર સાથે પરિચય કરાવ્યો છે." હું ઈશ્વર પાસે નહીં જાઉં અને આવું નહીં કહું, "તમારો ખૂબ આભાર. તમે મને મારા ગુરુ આપ્યા છે."

**★ વાચકોને જ્ઞાનલાભ ★**

પૂ.શ્રી યોગેશ્વરજીના જ્ઞાનામૃત પ્રસાદ (વીડીયો પ્રવચન)ના સેટ નંબર ૧, ૨ અને ૩ સ્વર્ગારોહણમાં ઉપલબ્ધ છે. જેમને ખરીદવા હોય તેમણે સ્વર્ગારોહણ કાર્યાલયનો સંપર્ક નીચેના ફોન નંબર ઉપર કરવો.

**ફોન : (૦૨૭૪૯) ૨૬૨૨૬૯**

**વિજય કનેરીયા : ૯૮૨૪૨૧૫૨૬૭, સ્મિતાબહેન : ૯૪૨૮૧૫૬૫૨૩**

**હાશ®**

**મગફળી, તલ, ટોપરા, દાળીયાની ચીકી**

**★ કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ ★**

ભક્તિનગર, રેલ્વે સ્ટેશન ચોક, **રાજકોટ—૩૬૦૦૦૨**



# મનુષ્યજન્મનો હેતુ

**—સ્વામી ચિદાનંદ સરસ્વતી**

આ મર્ત્ય જગતમાં ત્રણ વસ્તુઓ અતિ દુર્લભ છે—મનુષ્યપણું, મુમુક્ષુપણું અને બ્રહ્મનિષ્ઠ પુરુષનો દૃઢ આશ્રય—અને તે પરમાત્માની કૃપાથી મળે તેવાં છે. આ ત્રણ પૈકી મનુષ્યજન્મ મહામુલ્યવાન વસ્તુ હોઈ, તેની ગણના સૌથી પ્રથમ કરી અગ્રતા આપવામાં આવી છે. આ અવતારમાં જ જીવાત્માને વધારામાં જ્ઞાન અને વિવેકશક્તિ નિત્યાનિત્યવસ્તુવિવેક—મળેલાં છે. માટે જ મનુષ્યજન્મ એ ભગવાનની અસાધારણ બક્ષિસ ગણવામાં આવી છે. મનુષ્યજન્મ પામીને શાશ્વત આનંદ અને અમરત્વ પ્રાપ્ત કરવાની આકાંક્ષા ન રાખો તો સમજવું કે તમારો મનુષ્યજન્મ સાર્થક થયો નથી. પછી તમારું જીવન અને પશુનું જીવન સરખું જ છે, ખાવું, પીવું, નિદ્રા અને મૈથુન, આ વસ્તુઓ તો પશુ અને મનુષ્યોમાં સમાન છે. પરંતુ મનુષ્યમાં જે વિશિષ્ટતા છે તે એ કે તેનામાં એક આદર્શની ભાવના રહેલી હોય છે, કેવળ ભૌતિક જીવન ગુજારવા કરતાં કંઈક ઉચ્ચ જીવન જીવવાની મહત્ત્વાકાંક્ષા હોય છે. આપણે જાણીએ છીએ કે આપણે કોઈ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવાની છે અને આ પંચભૌતિક અપૂર્ણ જીવનમાંથી મુક્તિ મેળવવાની આપણામાં તીવ્ર તમન્ના પણ હોય છે. પછી બ્રહ્મનિષ્ઠ પુરુષના દૃઢ આશ્રયનો—સત્સંગનો—પ્રશ્ન આવે છે. પહેલી બે વસ્તુઓ—મનુષ્યપણું અને મુમુક્ષુપણું—મેળવ્યા પછી પણ આપણું જીવન માયાવેષ્ટિત હોય છે, અને આપણા સઘળા પ્રયત્નો નિષ્ફળ જાય છે, કારણ કે સાચો પ્રયત્ન કયો તે જ આપણે જાણતા હોતા

નથી. એની જાણ તો જેમને ત્રીજી બક્ષિસ મળેલી હોય છે એવા સદ્‌ભાગી પુરુષોને જ થાય છે, કે જે બક્ષિસ દ્વારા એમનો માર્ગ સરળ બને છે. જો આપણે ભગવાનને શરણે જઈએ તો તે આપણને માર્ગદર્શન આપશે. આપણા માર્ગમાં જ્યારે પ્રલોભનો દેખાશે ત્યારે તે આપણને પ્રેરણા, ઉત્સાહ અને હિંમત આપશે. આપણને આ ત્રણ વરદાન મળેલાં છે. અને ચોથું વરદાન, મન, પણ મળેલું છે. જે કહે, ''બહુ સારું.'' માનવમન સમાન કોઈ અસુર નથી. તે માયા, માર કે અહ્રીમનનું બીજું રૂપ છે, જે ઈશ—સાક્ષાત્કારની આડે આવે છે. માટે મન પણ અનુકૂળ હોવું જોઈએ. તમારા પર દેવકૃપા, ગુરુકૃપા અને શાસ્ત્રકૃપા હોય, તોપણ મનના સહકારની જરૂર છે.

આપણે ઉન્નત આદર્શની પ્રાપ્તિ અર્થે દરરોજ પ્રગતિ કરવાની છે. જે દિવસે આપણે ધ્યાનના સિદ્ધાંતો અને અભ્યાસના વર્ગો ભરવાનું શરૂ કરીશું તથા સાધનાનાં સર્વ સ્વરૂપો જાણવાની તથા આપણી સર્વ ક્રિયાઓમાં અધ્યાત્મભાવ કેવી રીતે ભરવો તે જાણવાની શરૂઆત કરીશું, ત્યારે તે દિવસ આપણે માટે ધન્ય દિવસ હશે, તે પ્રસંગ આપણે માટે અતિ મંગળકારી પ્રસંગ હશે. આપણે સવારસાંજ ધ્યાનમાં તો બેસીએ છીએ, પરંતુ આપણાં કાર્યોમાં અને નિત્ય વ્યવહારમાં મનની ક્ષુદ્રતા તથા સ્વાર્થનાં દર્શન કરાવીએ છીએ. આથી આપણી સાધનામાં વિઘ્નો આવે છે અને આપણે ધ્યાનના લાભથી વંચિત રહીએ છીએ. યુલિસિઝની પત્ની પેનીલોપ પાસે, તેના પતિની ગેરહાજરીમાં, ઘણા પુરુષો માગણી કરતા આવ્યા હતા, પરંતુ કોઈ અન્ય પુરુષ સાથે તેને લગ્ન કરવું જ ન હતું. તે અતિ વફાદાર અને સન્નિષ્ઠ સ્ત્રી હતી. તેથી તેણે પોતાનું માગું



કરનારાઓને કહ્યું કે, ''હું એક વસ્ત્ર તૈયાર કરું છું અને જ્યાં સુધી એ તૈયાર થઈ ન રહે ત્યાં સુધી હું કોઈની માગણી સ્વીકારી શકીશ નહીં.'' તે લોકોએ એ કબૂલ કર્યું. તે દરરોજ દિવસે તે વસ્ત્ર ગૂંથતી અને દિવસ દરમ્યાન ગૂંથેલું કામ રાત્રે ઉકેલી નાખતી. આ કામ જ્યાં સુધી યુલિસિઝ ન આવ્યો ત્યાં સુધી ચાલ્યા જ કર્યું. આપણા જીવનમાં પણ આપણે આ પ્રમાણે કર્યા ઉપર પાણી ફેરવવું ન જોઈએ. આપણે સવાર સાંજ જે સાધના કરી હોય તેમાં આસુરીભાવ ભેળવવો ન જોઈએ. આપણાં કાર્યો કરતી વખતે જો આપણે મૂળતત્ત્વનું વિસ્મરણ કરીશું, જો આપણે કઠોર બનીશું, જો આપણે કોઈની નિંદા કરીશું, જો આપણે અપ્રમાણિક બનીશું, તો ધ્યાન દરમ્યાન આપણે જે કંઈ મેળવ્યું હશે તેના ઉપર પાણી ફરી વળશે. એટલે આપણા બાહ્ય જીવનમાં વાણી, વિચાર અને વર્તનમાં એકવાક્યતા રાખવી જોઈએ. અને તે રીતે આપણાં ધ્યાન, ઉપાસના અને સાધનાને બળ આપવું પડશે. એમ કરવા માટે એ અતિ આવશ્યક છે કે આપણી સાધના કેવળ શાંતિના થોડા કલાક પૂરતી જ સીમિત ન રાખતાં આપણાં તમામ દૈનિક કાર્યોમાં પણ આપણે દિવ્યભાવ પ્રકટાવવો જોઈએ. આપણાં બધાં કામો આપણા સાચા સ્વરૂપનું, આપણા આંતરિક સ્વભાવનું, દર્શન કરાવે. આ બધામાં આધ્યાત્મિક ભાવ આવવો જોઈએ. માટે જ કર્મયોગમાં આપણાં તમામ કાર્યોમાં આ દિવ્યતા પ્રકટાવવાનો જ આદેશ આપવામાં આવ્યો છે. દરેકને આનું જ્ઞાન હોવું જ જોઈએ—પછી ભલેને એ ધ્યાનયોગી હોય, ભક્ત હોય કે વેદાંતી હોય. કર્મયોગ અતિ અઘરો છે. એકાંતમાં તો તમે બહુ આદર્શ ભાવ રાખી શકો; પણ જગતના ભિન્ન પ્રકૃતિના લોકો સાથે પ્રત્યક્ષ ભળવાનું થાય ત્યારે

એકરાગ રાખવો, કેવળ દિવ્યભાવ, નિઃસ્વાર્થતા દર્શાવવી, એ અતિ કપરું કામ છે; પરંતુ એ કરવા જેવું છે, કારણ કે એનાથી બીજા યોગોમાં સફળતા પ્રાપ્ત થશે. આત્મભોગ અને મધુરતાભર્યું આદર્શ જીવન ગુજારનાર વ્યક્તિ જપની એક માળા કરે તો તે બીજા લોકોએ દશ હજાર માળાઓ કર્યા બરાબર છે, કારણ કે દિવ્ય કર્મોથી એનો સ્વભાવ પવિત્ર બનેલો છે. જો તમારો સ્વભાવ કામ અને ક્રોધથી ભરેલો હશે, તો તમે ધ્યાન કરવા બેસશો તો પણ તે નિષ્ફળ જશે, કારણ કે ક્ષેત્ર તૈયાર નથી. કોઇને નવાઇ લાગે છે કે, "મારાથી પ્રગતિ કેમ થતી નથી?" તો કારણ એ છે કે તમારી સાધના અને સક્રિય જીવન વચ્ચે સુમેળ નથી. સાધક બુદ્ધિશાળી હોવો જોઇએ. ઘડો કઇ જગ્યાએ કાણો છે તે એણે જાણવું જોઇએ. તેમ ન થાય તો ઘડામાંથી પાણી ટપકી જશે અને તમે તેને ભરતા જ રહેશો. બધું વ્યર્થ જશે. માટે ઘડામાંથી પાણી ક્યાં આગળથી ટપકી જાય છે તે પ્રથમ જાણી લો. એને માટે કર્મયોગની કળા શીખવી જોઇએ.

આશ્રમમાં ચાલતા વર્ગોમાં તમને આ બાબતોનું પ્રાયોગિક જ્ઞાન મળશે. એક રાજા હતો. તેની પાસે ત્રણ ખોપરીઓ હતી. તેણે પોતાના રાજપંડિતને પૂછ્યું કે એ ત્રણ પૈકી ઉત્તમ ખોપરી કઇ? પંડિતે એક લાકડી લીધી અને એને પહેલી ખોપરીના કાનમાં નાખી; તો તે લાકડી બીજા કાનેથી આરપાર નીકળી ગઇ. બીજી ખોપરીના કાનમાં તે લાકડી નાખી તો મોં મારફત તે બહાર નીકળી અને જ્યારે ત્રીજી ખોપરીના કાનમાં નાખી તો સીધી જ તે હૃદયપ્રદેશમાં ઊતરી ગઇ. રાજપંડિતે કહ્યું કે ત્રીજી ખોપરી ઉત્તમ છે. પહેલા પ્રકારની ખોપરી એવા પ્રકારના



મનુષ્યોનું પ્રતિનિધિત્વ કરે છે કે જેઓ એક કાને ઉપદેશનું શ્રવણ કરે છે અને તેને બરાબર પચાવ્યા સિવાય બીજા કાનેથી બહાર કાઢી નાખે છે, અને તે તદ્દન ભૂલી જાય છે. બીજા પ્રકારની ખોપરી એવા પ્રકારના મનુષ્યોનું પ્રતિનિધિત્વ કરે છે કે જેઓ ઉપદેશનું શ્રવણ કર્યા પછી બીજાને તે ઉપદેશ કરવા આતુર હોય છે, પણ પોતે એમાંનું કંઇ જ ગ્રહણ કરવા કે અમલમાં મૂકવા તૈયાર હોતા નથી. એ લોકો બીજા વર્ગમાં આવે છે. ત્રીજા પ્રકારની ખોપરી ઉત્તમ પ્રકારના સાધકોનું પ્રતિનિધિત્વ કરે છે કે જેઓ ઉપદેશનું શ્રવણ કર્યા પછી તેને પોતાના અંતઃકરણમાં ધારણ કરે છે અને પોતાના નિત્યજીવનમાં તેને ઉતારવાનો પ્રયત્ન કરે છે. માટે, આપ સર્વેને મારી વિનંતી છે કે તમે ત્રીજી ખોપરી જેવા બનો. ગુરુજનો, સંતો અને ઋષિમુનિઓ પાસેથી જે કંઇ શીખો તે પ્રેમથી ગ્રહણ કરો અને તેને અમલમાં મૂકો. ભગવાન આપ સૌનું કલ્યાણ કરે!


**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# આ જીવન પડદા પાછળ રે કોણ છે ઉભું ?

—મા સર્વેશ્વરી

(રાગ : ઝુકાવ્યું જીવન……)

આ જીવન પડદા પાછળ રે
કોણ છે ઉભું ?
એ સર્જકનું સરનામું રે
કોણ બતાવે ?
આ શ્યામ વાદળા વચ્ચે
સોનેરી રેખ બતાવે
સમજાવે નથી અંધારું રે…કોણ છે.
આ અમાસાનો વળાવી
નો ચાંદની પ્રગટાવી
ચમકાવે જિંદગી સૌની રે…કોણ છે.
આ મધુર હાસ્ય ફરકાવી
નિત શક્તિ સ્ફૂર્તિ વધારી
દર્શાવે દૈવી હાજરી રે…કોણ છે.
આ સુની પડી સિતારી
મૃદુ સ્પર્શે ઝંકૃત કીધી
સમર્પણ સૂર રેલાવે રે…કોણ છે.
આ હરિયાળી છે ધરતી
પાનખરે છે પલટાવી
એ રમત રમે છે દૈવી રે…કોણ છે.



# પ્રાર્થના

—યોગેશ્વરજી

હે પ્રિયતમ ! જે દિવસે મારી આંખ તારું દર્શન ના કરે,
તે દિવસે એ આંખને ભલે તું છેદી નાંખજે.
ને મારા પ્રાણ ! જે દિવસે મારું હૃદય તને મૂકી દઈને
જગતની ક્ષુલ્લક માયાને સ્થાન આપે,
તે દિવસે એ હૃદયને ભલે રગદોળી નાખજે.

હે પ્રિય ! જે દિવસે કાન તારું સુમધુર સંગીત સાંભળવાનું છોડી દે,
તે દિવસે તે કાનને તું ભલે છેદી નાખજે.
ને હે મારા પ્રેમ ! જે દિવસે મારું શરીર
તારી સેવા ને પૂજાના માર્ગને મૂકી દે,
તે દિવસે એ શરીરને તું શાન્ત કરી દેજે.

તારું દર્શન ના કરી શકતી હોય એવી આંખ હોય તો
હે પ્રભુ ! એ જ સારું છે કે તે અંધ થઈ જાય.
તારું નામ ને તારું ગાન ના સાંભળી શકતા હોય એવા કાન હોય તો,
હે વ્હાલા ! એ જ સારું છે કે, તેનો હ્રાસ થઈ જાય.
તારી જ સુવાસમાં મસ્ત ન રહેતું હોય એવું અંતર હોય તો,
હે મારા પ્રાણ ! એ જ બહેતર છે કે એનો નાશ થઈ જાય.

ને મારા અંગેઅંગમાં તારી પવિત્ર મૂર્તિ ના હોય તો,
પ્રભુ! એ અંગ પણ ભલે ભસ્મીભૂત થઈ જાય.

તારા દિવ્ય રસનું પાન મને પ્રત્યેક પળે કરવા દે.
તારા જ સંગીતમાં મને મસ્ત બનવા દે.
હે દયામય! તારાથી અલગ ના થાઉં,
એવો આશીર્વાદ મને કાયમને માટે આપી દે.

સંદીપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમ જ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫૦૦૭

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત-૩૯૫૦૦૧



# હરિ બન્યા ભથવારી

—સાધુ અક્ષરજીવનદાસ

'દુઃખોનાં તો બા! માથે વાદળાં ગાજે છે, કોને કહું?' હેતબા બોલ્યાં.

'તારા ધણીને એક વાર મહારાજનો જોગ થઈ જાય. પછી એ દુઃખ નહીં દે.'

'ઈ મૂઓ મહારાજનું નામ લેતો નથી, તે દર્શનનો જોગ તો એમ ક્યાંથી થાય?'

'મહારાજને પ્રાર્થના કર. કંઈક દિશા સુઝાડશે, સત્સંગ થશે.'

લોયા ગામે સુરાખાચરનાં પત્ની શાંતાબા અને સાંગા પટેલનાં ઘરવાળાં હેતબા—સત્સંગની વાતો કરી રહ્યાં હતાં. શાંતાબાના યોગથી હેતબાને શ્રીજીનો દૃઢ સત્સંગ, સ્વામિનારાયણનું નામ લે, ભજન કરે, પૂજા કરે. મહારાજ તથા સંતો પધારે ત્યારે શાંતાબા સાથે સેવામાં લાગી જાય. વહેલાં ઊઠી જાય, ઘરનું કામ પહેલું કરે. ક્યાંય કચાશ—ખામી રાખે નહીં. તો પણ સત્સંગ કરે તે કુસંગી પતિ સાંગા પટેલને ન ગમે. એ શ્રીજીને ગાળો દે.

હેતબા શરીર પરનો માર સહે પણ પોતાના ઈષ્ટદેવનું વાંકું બોલે તે એમનાથી કેમે સહ્યું ન જાય.

આજે શાંતાબાએ તેમને સરસ ઉપાય બતાવ્યો, એમ કે પ્રાર્થના શ્રીજીમહારાજ સાંભળશે ને યોગ્ય કરશે. તેમણે પ્રાર્થના શરૂ કરી.

એક વાર શ્રીજીમહારાજ લોયા પધાર્યા અને હેતબાના હરખનો પાર ન રહ્યો. તેમણે પ્રાર્થના કરી. અંતરમાં તો નિત્ય પ્રાર્થના ચાલતી, પણ મુખોમુખ શ્રીહરિને કહ્યું : 'હે દયાળુ ! હે મહારાજ ! મારા ધણીને સત્સંગી કરો અથવા તો મને એના કુસંગમાંથી છોડાવો. ગઢડે લઈ જાવ કાં તો દેહ મુકાવી દો ને ધામમાં બેસારી દો. કંઈક કરો...'

અંતર્યામી પ્રભુ હેતબાનું દુઃખ જાણતા હતા. તેમની સહનશક્તિની સીમા આવી રહી હતી. શ્રીજીએ કહ્યું : 'સૌ સારાં વાનાં થશે. તું ભજન કરતી રહેજે. અત્યારે તો અમે જઈ રહ્યા છીએ પણ થોડા વખત પછી પાછા લોયા આવીશું ત્યારે સાંગાને સત્સંગી કરી દઈશું.'

શ્રીહરિ બોલ્યા એ વાક્યમાં કાર્ય સિદ્ધ કરવાનું બળ હતું, જુસ્સો હતો, દૃઢતા હતી. એક ભક્તની વહારે હરિ પધાર્યા હતા.

પ્રભુ પધાર્યાની વાટ જોતાં હેતબા દિવસો ગણવા લાગ્યાં.

એકવાર નિત્યનિયમ મુજબ તેઓ પોતાના ધણી માટે ને ખેત–મજૂરો માટે ભાત લઈને ખેતરે જતાં હતાં. તેવામાં દૂરથી શ્રીજીમહારાજને આવતા દીઠા. સાથે પાંચ–સાત સંત–હરિભક્તો છે. રાંગમાં ઘોડી ઠમક ઠમક થઈ રહી છે. હેતબાએ નજર નોંધીને જોયું તો માણિગર માણકીને નચાવતા ગામ તરફ આવી રહ્યા હતા ! 'આજે મહારાજ બોલ્યું પાળશે.' એ એક વિચારમાત્રે તેમના હૃદયમાં શાંતિની શીતળ લહર પસરી ગઈ.

'હરિ મારું દુઃખ હરશે, દયાળુ દયા કરશે, આરજૂનો અંત આણશે...અહોહો એ છબીની શોભા તો જો જીવ !...' કહેતાંક તેના પગ ધરતી સાથે જડાઈ ગયા. આંખો એ અલબેલાની મૂર્તિમાં ખૂંતી ગઈ...એમ ને એમ પાંપણોને પલકાર્યા વિના એ માધુરી મૂર્તિને પી રહ્યાં હતાં !



રૂમક–ઝૂમક માણકી નચાવતા શ્રીહરિ હેતબા નજીક આવ્યા, ને કહે : 'ઘરે પાછાં ચાલો ભૂખ લાગી છે, તમારા હાથની રસોઈ જમવી છે.'

હેતબાના આનંદનો પાર ન રહ્યો. એ તો ધણી–ખેતમજૂરો–બધાની ભૂખ વીસરી ગયાં. મહારાજને લઈ આગળ ચાલ્યાં. શ્રીજીએ ઘર પાવન કર્યું. હેતબા થાળની તૈયારી કરવા લાગ્યાં.

મહારાજ કહે : 'બીજું કંઈ કરવાની જરૂર નથી, આ ભાત તૈયાર છે તે જમીશું...'

મહારાજને કેમ કહેવું કે આ તો મારા ધણી ને ખેત–મજૂરોનું છે. મહારાજ ! આપને આ ન અપાય ! ખેડૂત વર્ગનું જમણ શ્રીજીને કેમ અપાય ? એ સાન હેતબાને શાંતાબાના સત્સંગથી આવી ગઈ હતી. એટલે કહ્યું : 'મહારાજ ! આ ભાતું નહીં, પણ નવું રાંધી દઉં છું...આ તો અમારા ઘરના માણસો ખાય પણ તમારાથી નહીં ખવાય...અબઘડી તમારા માટે થાળ કરી દઉં છું...ઘડી વાર ખાટલે આડે પડખે થાવ...'

હવે મહારાજે વાતને બીજો વળાંક આપ્યો : 'હેતબા, તમે રસોઈ કરશો ને વાર લાગશે તો સાંગો વઢશે નહીં ?'

તેઓ કહે : 'મહારાજ ! ધણીના ધણી આપ છો...આપ રાજી, મારે બધા રાજી. વઢશે તો ખમી લઈશ. ઘણું ખમી છું. ખમતી આવી છું...થોડું વધારે...વધુ ખિજાશે તો લાકડી લેશે, પણ તમને ભૂખ્યા નહીં રાખું...'

શ્રીજીમહારાજ એની સમજણ પર વારી ગયા. તેઓ કહે : 'એક કામ કરીએ. તમે કરો થાળ, ને હું આ ભાત લઈ ખેતરે

જાઉં...કેડો બતાવી દો—કઈ બાજુ આવ્યું !' કહેતાંક મહારાજ ખાટલા પરથી ઊભા થઈ ગયા. સાથેના દરબારો ને સંતો પણ તૈયાર થયા. મહારાજે બધાને રોકી રાખ્યા ને કહ્યું : 'મારે એકલા જ જાવું છે. તમે બધા અહીં રહેજો.'

હેતબા તો હેબતાઈ જ ગયાં, કહ્યું : 'મહારાજ ! એ તો આપનો દ્વેષી છે, નજરે ચઢવા જેવું નથી. મારું માનો. અબઘડી થાળ કરી દઉં છું.'

પણ મહારાજ ન માન્યા ને કહ્યું : 'જીવની ગતિ અમારી પાસે શી હિસાબમાં ! અમને કેવા જાણો છો ?'

'ભગવાન...'

'તો વિશ્વાસ રાખો, કંઈ નહીં થાય, જે થશે તે રૂડું થશે.' કહેતાંક મહારાજે ભાથાનો ટોપલો તૈયાર જ હતો તે ઝટ લઈ મસ્તકે ધર્યો. અનંતકોટિ બ્રહ્માંડના નાથે એક ભથવારીનું કર્મ આદર્યું. સંતો—દરબારોએ સેવા ઝૂંટવવા કોશિશ કરી પણ શ્રીજીની આંખ વરતી ગયા. મરજી પામી ગયા. સૌ હાથ જોડી ઊભા રહ્યા.

હરિવરે ન ગણી પાઘને કે ન ગણ્યો તાપને. ઈશાન ખૂણે આવેલા ખેતરની વાટ લીધી. મુખ પર પરસેવાના રેલા વહી રહ્યા છે. ભાલનું કુમકુમ પરસેવાના બુંદ સાથે નાસિકાના ટેરવે અટકી ગયું છે. જરિયાન વસ્ત્રો પર સૂરજ સહસ્ર કિરણો પસરાવતો સ્થિર થયો, છલક—છલક થતો રૂપનો એક દરિયો જાણે આવી રહ્યો છે, આંખોને આંજતો, મારગને માંજતો !!

સાંગો ક્યારનો રાહ જોતો હતો. હમણાં ભાથું આવે ને ભૂખ ભાંગું...અરે, ભૂખ પહેલાં એની કેડ ભાંગું !



જેમ જેમ વાર થતી ગઈ, તેમ તેમ તેનો ગુસ્સો આસમાને ચઢતો ગયો...ભાદરવાનો તાપ અને ભૂખનું દુઃખ ! એની આંખોમાં લોહી ઊપસી આવ્યું હતું. ક્યારે લઈ આવે ને એનું સાટું વાળું ! વિચારમાં ને વિચારમાં ઘડીક ઊભો થતો, ઘડીક બેસતો, મારગ ભણી સાંગો મીટ માંડી રહ્યો હતો.

અને...

અને ભથવારીનો સૂંડલો માથે મૂકી કો'ક આવતું દીઠું. પહેલાં તો લાગ્યું કે કોઈ વટેમાર્ગુ હશે...પણ જેમ જેમ મહારાજ નજીક આવતા ગયા, તેમ તેમ સ્પષ્ટ છબી તેની આંખમાં ઊતરતી ગઈ.

મહારાજ આવી પહોંચ્યા. કપાળેથી પરસેવાનાં બુંદ તર્જનીથી ટપકાવતાં મરમાળો બોલ્યા : 'સાંગા પટેલનું ખેતર આ જ કે !'

સાંગો સ્તબ્ધ થઈ ગયો : 'તમે સ્વામિનારાયણ તો નહીં !'

'હા, એ જ અમે, હાલો ભૂખ્યા થયા હશો—જમી લો ઝટ...'

મહારાજે એવાં મધમીઠાં વેણ વેર્યાં કે સાંગાનો ક્રોધ એમાં જ ઓગળી ગયો. એ માંડ એટલું બોલી શક્યો કે—'તમે શું કામ આવ્યા ?'

'કેમ ! અમારે તમારું ખેતર, તમારી ખેતી, કોસ—કૂવો જોવાં હતાં. તમને જોવા હતા, તે આવ્યા.'

'પણ ઓલી આવી હોત તો એ કોસ હાંકત, બાજરો ઓરવામાં મદદ કરત, તમે શું કરશો ?'

'કોસ તો અમે પણ હાંકીશું—તમે ભાથું જમો. ત્યાં સુધી જુઓ અમને ફાવે છે કે નહીં !'

આમ કહી માણીગર માવ કોસ ચલાવવા લાગ્યા. કિચુડુક ભૂટાક...કિચુડુક ભૂટાક...કોસ એક પછી એક ખેંચાતો જાય...બળદ પણ ડાહ્યાડમરા થઈ આ ડોલરિયાના ડચાકે ગતિ બદલતા રહે...સાંગાએ ઝાડ નીચે જમવાનું શરૂ કર્યું. પૂરું થયું ત્યાં તો કેટલાય ક્યારા મહારાજે પાણીથી તરબતર કરી દીધા !

સાંગાને શ્રીજીનો ગુણ આવ્યો. એ મનોમન હરખાયો : સ્વામિનારાયણ છે ખંતીલા. કામમાં થાકતા નથી. આળસનું તો નામ નથી. વળી, કોસ હાંકવાની કળા પણ હસ્તગત કરી છે !

પટેલ જમી રહ્યા પછી મહારાજ તેમની સાથે ખેતરમાં બાજરો ઓરવા લાગ્યા. વાવણીનું કર્મ બહુ ઓછાને હાથવગું હોય એ પટેલ સારી પેઠે જાણતા હતા, પણ મહારાજને એમાં પારંગત જોયા કે પોતાનો ગર્વ ગળી ગયો. મહારાજ તો વાવણિયે હાથ દેતા જાય, વારેવારે ઓરણી પર હાથની મૂઠી મૂકતા જાય, રાશ ગ્રહી ડચકારે બળદને ચલાવતા જાય...ને બાજરો ઓરતા જાય...!

પટેલનાં ઇન્દ્રિયો–અંતઃકરણ એ મૂર્તિમાં તણાઈ ગયાં.

મહારાજ તો એની સાથે હેત–પ્રીતથી વાતે વળગ્યા. પટેલને જેના નામની જ સૂગ હતી તે મૂર્તિમાન આજે પોતાની સાથે ઊમળકાથી વાતો કરે છે ! એને એહસાન જ ન રહ્યું કે આ મારો અભ્યાગત છે, પરોણા છે, લાખેણા મહેમાન છે !

પટેલને સફળ ખેતીની તરકીબો, વાવણીની ખૂબીઓ, બળદને ચલાવવાની આવડત !..ઘણું ઘણું નવું શીખવા મળ્યું. રોંઢો ક્યારનો વીતી ગયો હતો. બપોરના ત્રણ વાગવા આવ્યા હતા.



પટેલ કહે : 'પ્રભુ ! તમે મને પાવન કર્યો !'

'પાવન થવાનું તો હવે છે'–કહી મહારાજે કહ્યું : 'તમે અમારી કંઠી બાંધો, વર્તમાન લો. પાંચ નિયમ પાળો...આશ્રિત થાવ...'

મહારાજે એક શ્વાસે કહી દીધું.

પટેલને હરિનું હેત હૈયે વસી ગયું હતું. એ તરત તૈયાર થયા. વર્તમાન લીધાં ને સત્સંગી થયા...

સાંગાએ હવે પૂછ્યું કે 'કહો તો ખરા, તમે ભાથું દેવા કેમ આવ્યા ?'

મહારાજ કહે : 'અમને ભૂખ લાગી હતી તે પાદરે જ હેતબા મળી ગયાં. કહ્યું–ચાલો ઘેર, જમીને જાવ...પછી ખબર પડી કે તમને ભાત દેવા એ જતાં હતાં.' તેથી કહ્યું : 'તમે બીજી રસોઈ કરો. હું ભાત દઈ આવું. પટેલ મળ્યા નથી તો મળાશે, ખેતર વાડી જોવાશે...'

'અરર ! અરર ! તમે અહીં ભૂખ્યા ને ભૂખ્યા આવ્યા ! ને કહેતા પણ નથી !' પટેલને અંતરમાં વસમું લાગ્યું. એમ કે–ભૂખ–તરસ તો જીવ–પ્રાણીમાત્રની પ્રાથમિક એષણા છે, ઊર્મિ છે. એનાથી કોઈ પર ન થઈ શકે.

'ભૂખ્યા ને ભૂખ્યા મેં તમારી પાસે મજૂરી કરાવી !' એમ કહેતાં તે ગળગળા થઈ ગયા. પોતાની જાતને ભાંડવા માંડ્યા.

પટેલે ઝટપટ સાંતીડું ગાડે નાખ્યું. બળદ જોતર્યા. મજૂરોને વહેલા છૂટા કર્યા. મહારાજને ગાડે બેસાર્યા ને ગામ ભણી ચાલી નીકળ્યા. ત્યાં રસ્તામાં હેતબા ને બધો સંઘ પગપાળા આવતો હતો. મહારાજને જમાડવા રસોઈ સાથે લીધી હતી.

ગાડું નજીક આવ્યું. હેતબાએ બળદ ઓળખી લીધા...ગાડે મહારાજ બેઠા છે ! એમની સાથે પટેલ વાતે વળગ્યા છે...દૃશ્ય જ જુદું હતું ! એના હૈયે કદી ન અનુભવી હોય એવી 'હા...શ' થઈ.

મહારાજના ઈશારે સૌ પાછાં વળ્યાં. રસોઈ ગાડામાં મુકાવી. પાછળ ચાલતા સૌ લોયા પહોંચ્યા ત્યારે સાંજ પડવા આવી હતી ! પણ આજે મહારાજની ભૂખ ભાંગી ગઈ હતી. હરખની ભૂખ ઊઘડી હતી.

ક્યારે બળદ ઘર આંગણે આવી ઊભા એનું પણ ભાન ન રહ્યું !

પટેલની દૃષ્ટિ હવે બદલાઈ ગઈ હતી. મહારાજમાં તેનું મન ચોંટી ગયું હતું. એની વાણીમાં વિવેક આવી ગયો. દૃષ્ટિ કોમળ થઈ ગઈ, સત્સંગનો રંગ ચઢી ગયો હતો.

મહારાજ જમ્યા, ભક્તોને જમાડ્યા.

થોડી ક્ષણોમાં શ્રીહરિએ કેટકેટલું કાર્ય સાધ્યું ! પટેલની ઊખર ધરતીને ખેડી લીધી, ખાતર ભર્યું. પોતે જ વરસ્યા ને પોતે જ વવાઈ ગયા !

શ્રીજીમહારાજે ઈતિહાસની કરવટ આમ બદલી છે. હૃદયપરિવર્તન કરવામાં એમની તોલે કોઈ ન આવે.

ધીરજ ને ખંત : તિતિક્ષા ને તપ : સાવધાની ને સલુકાઈ : પરોપકાર ને પરસેવા-વૃત્તિ : વિવેક ને વિનય-કેટકેટલા ગુણો એક જ કાળે તેમણે પ્રગટ કર્યા છે ! તેનું મૂર્તિમાન ઉદાહરણ આ ભથવારીની ભૂમિકા છે.



# મહાપુરૂષોની ઓળખ

—યોગેશ્વરજી

મહાપુરુષોને ઓળખવાનો સાચો ઉપાય તો તેમની કૃપામાં રહેલો છે. છતાં તેના બીજા ઉપાય પણ છે, ને ગીતાએ તેની માહિતી પૂરી પાડી છે. અર્જુન ભગવાનને પૂછે છે કે હે પ્રભો જે ખરેખર મહાન છે, તમારી કૃપા પામેલા ને સમાધિનિષ્ઠ છે, ને જેમની બુદ્ધિ સ્થિર છે, તે કેમ રહે છે, સંસારમાં કેમ ફરે છે, તેમને ઓળખવાની રીત શી છે ? તેના ઉત્તરમાં ભગવાન જે રીત બતાવે છે, તે જોઈએ.

મહાપુરુષો શાંતિના સાકાર સ્વરૂપ જેવા હોય છે, તેમની પાસે જનાર ને બેસનારને વત્તાઓછા પ્રમાણમાં શાંતિ મળી રહે છે. ગંગા સદા શીતલ છે. તેમાં ન્હાનારને શીતલતા આપોઆપ મળી જાય છે. ચંદનની શીતલતા પણ પ્રસિદ્ધ છે. તેના ઉપયોગથી પણ ઠંડક મળે છે. સંતોની શીતલતા તેથીયે વધી જાય છે. કેમ કે સંતોના સહવાસથી શરીરને જ નહીં, મનને પણ શાંતિ મળે છે. તેમની પોતાની દશા કેવી દૈવી હોય છે ! ગમે તેવા અશાંત વાતાવરણમાં રહેવા છતાં તેમની શાંતિનો ભંગ થતો નથી. ચારે બાજુ અવાજ કે કોલાહલ થઈ રહ્યો હોય અથવા ચારેકોર પ્રવૃત્તિ હોય છતાં પણ સ્થિતપ્રજ્ઞ મહાપુરુષો શાંત જ રહે છે, ને ઈશ્વર સાથેની એકતાના આનંદમાં મગ્ન બને છે. તેમની અનેરી અવસ્થાનું વર્ણન કરવા ગીતામાતા સાગરનું ઉદાહરણ રજૂ કરે છે. તે કહે છે કે કોઈ પાણીથી ભરપૂર ને ગંભીર સાગરની કલ્પના કરો. તેમાં નદી, ને ઝરણાં વહ્યા કરે છે, તથા વરસાદનું પાણી પણ પડ્યા કરે છે. પાણીની કેટલી બધી સંપત્તિ સાગરમાં પડેલી છે તેનો

વિચાર તો કરો ? પોતાના બલ દ્વારા કોઈના પર આધિપત્ય જમાવવાનો પ્રયાસ તેણે કર્યો છે ? જે આવે તેને તે પોતાના વિશાળ ઉદરમાં સમાવી લે છે. ઉછળતાં તરંગોથી સૌનું સ્વાગત કરે છે, ને કોઈ યે જાતના ભેદભાવ વિના સૌને પોતાની અંદર ભેળવી દે છે.

મુંબઈના ચોપાટીના દરિયાને કદી જોયો છે ? જગન્નાથપુરી ને સૌરાષ્ટ્રના દરિયા કિનારે તો શાંતિ છે પણ ચોપાટીના દરિયા પાસે તેવું નથી, ચોપાટીના દરિયા પાસે તો રાતદિવસ હજારોની સંખ્યામાં મોટરો દોડાદોડ કરે છે, ને ભીમકાય બસો પણ દોડ્યા કરે છે. માણસોની અવરજવર પણ ઓછી નથી. તેમાંય વળી સાંજ પડે એટલે દરિયાકિનારે માણસોની ભીડ જામે છે. કેટલા બધા માણસો ! કોઈ બોલે, કોઈ ગાય, કોઈ પોકાર પાડે તો કોઈ ન્હાય, કોઈ દોડે પણ ખરા. પણ એ બધી પ્રવૃત્તિની વચ્ચે પણ સાગરની દશા કેવી હોય છે ? બહારની ધમાલથી તેની શાંતિમાં ભંગ પડે છે ખરો કે ? કોલાહલ ને અશાંતિનું કાયમને માટે પાન કરીને શંકર બનીને બેઠો હોય તેમ તે શાંત ને મંગલ જ રહે છે. કોઈ મહાન યોગેશ્વરની જેમ પોતાના આનંદમાં મગ્ન રહે છે. ને તેનું સંગીત પણ કદી ખૂટે છે ? કેટલું સતત ને સંવાદમય છે તેનું સંગીત ! દિવસો, મહિના ને વરસોથી, એનું એ જ ગર્જન ને એનો એ જ આલાપ. એ સાગરને યાદ કરીને મહાપુરુષોની આંતરિક અવસ્થા વિશે વિચાર કરો તો મદદ મળશે.

મહાપુરુષો પણ શાંતિના સાગર જેવા, પોતે પોતાના અંદર મસ્ત હોય છે. બહારથી તે શાંત ને ગંભીર દેખાય, પણ તેમની અંદર ડોકિયું કરો તો તે સદાય પ્રવૃત્તિપરાયણ દેખાશે; સતત સંવાદથી ભરેલા દેખાશે. તેમની પાસે જઈને તમે કહેવા માંડો કે



તમે તો ઘણા મહાન છો, સંત છો, તો તરત જ કહી ઊઠશે કે ના, મહાન તો એક ઈશ્વર છે. હું તો તેના ચરણની રજ છું. તેના ચરણના દાસ જેવા સંતપુરુષોનો પણ દાસ છું, ને તેમની ચરણરજને શિર પર ચઢાવું છું. ઈશ્વરના પ્યારા થવાનો મારો પ્રયાસ છે. સંતોની કૃપા મેળવવાનો મારો મનોરથ છે. હું તો એક સાધારણ પ્રાણી છું. વાત સાચી છે.

સંતોની દશા બાલક જેવી નમ્ર, નિર્દોષ ને નિખાલસ હોય છે. જેમ બાળકને કહેવામાં આવે કે તું નિર્દોષ છે, તો તેને તે વિચિત્ર લાગે છે. તેણે કાંઈ નવું સાંભળ્યું છે એમ તેને લાગતું નથી કેમ કે સંસારમાં નિર્દોષતા વિના બીજું હોઈ જ ના શકે એવી તેની ભાવના હોય છે. તેમ માણસ નિર્દોષ બને, નમ્ર બને, ને ઈશ્વરની કૃપા મેળવીને પરિપૂર્ણ કે ધન્ય બને, એ તો તેની ફરજ છે, તેનો સ્વભાવ છે, એમાં તે નવું શું કરી રહ્યો છે જેથી તેને લોકોત્તર કે મહાન કહેવામાં આવે, ને પ્રશંસાના પારિતોષિક માટે પ્રમાણભૂત માનવામાં આવે, તે તેની સમજમાં આવતું જ નથી. ચોમાસું આવે ને મુશળધાર વરસાદ વરસે ત્યારે નદી ને ઝરણાં પાણીથી ઉભરાઈ જાય છે, તેમ વિદ્યા ને વિશેષતાથી સાધારણ માણસો ભલે છલકાઈ ઊઠે ને સંયમ ખોઈ બેસે, મહાપુરુષો તો પોતાની શાંતિ સાચવી રાખે છે, ને નિષ્ઠામાં મશગુલ રહે છે.

પરમાત્મામાં જ આસક્ત એવા તે મહાત્માને સંસારના કોઈયે સુખ કે રસની કામના હોતી નથી. પરમાત્માને પ્રાપ્ત કરીને પ્રેમ ને સમતાની મૂર્તિ બનેલો તે મહાત્મા સંસારની શોભામાં અનેકગણો વધારો કરતાં જીવે છે. એવા મહાપુરુષોનું દર્શન જેને થાય છે, તેના હજારો જન્મોના પુણ્યોનો ઉદય થયો એમ જ સમજી લેવું.

# આપણો સંબંધ સંસાર સાથે નથી

**—સ્વામી રામસુખદાસ**

લોકો એવું સમજી બેઠાં છે કે સંસારની વસ્તુઓ મેળવવાને માટે કોશિશ કરવી પડે છે, તે પ્રમાણે ભગવાનને મેળવવા માટે પણ કોશિશ કરવી પડશે. લોકો શંકા પણ કરે છે કોશિશ કર્યા વિના મુક્તિ કેવી રીતે મળે ? કહેવું જોઈએ કે વાસ્તવમાં આ વાત બરોબર રીતે સમજવામાં આવી નથી, એટલે જ શંકા થાય છે. તમે ખ્યાલ કરો કે પરમાત્મા બધાં દેશ, કાળ, વસ્તુ વગેરેમાં પરિપૂર્ણ છે. જે રીતે સંસારની વસ્તુઓ કર્મો દ્વારા મેળવી લેવામાં આવે છે, તે રીતે પરમાત્માને મેળવી શકાતા નથી કે લાવી શકાતા નથી. સંસારની વસ્તુઓની જેમ પરમાત્માને બનાવી શકાતા નથી કે લાવી શકાતા નથી. પરમાત્મા પણ હયાત છે અને આપણે પણ હયાત છીએ.

**દેહ કાલ દિસિ બિદિસિહુ માહીં । કહહુ સો કહાઁ જહાઁ પ્રભુ નાહીં ॥**

(માનસ ૧ । ૧૮૫ । ૩)

આપણું શરીર તો બને છે—બગડે છે. સંસાર પણ બધો ને બધો અદશ્ય થયે જાય છે, એક ક્ષણ માટે પણ ટકી શકતો નથી. પરંતુ પરમાત્મા અને એના અંશ આપણે નિત્ય નિરંતર જેવા ને તેવા રહીએ છીએ. માટે જ નથી પરમાત્માને બનાવવાના કે નથી આપણને બનાવવાના. વારું, તો પછી આપણે માટે શું કરવાનું બાકી છે ? આ જે નષ્ટ થઈ રહ્યો છે, તે સંસારની તરફ આપણું ખેંચાણ છે, એને પકડવા ચાહીએ છીએ, રાખવા ચાહીએ છીએ, બસ આ જ ભૂલ છે. આ ભૂલને જ મટાડવાની છે. આ ભૂલને લીધે આપણે દુઃખ પામીએ છીએ. જે રહેવાવાળો



નથી, હંમેશાં જઈ રહ્યો છે, તેને આપણી સાથે રાખવાની ઈચ્છાને જ દૂર કરવાની છે, બીજું કાંઈ કરવાનું નથી. પરમાત્મા પણ હયાત છે, આપણે પણ હયાત છીએ અને પરમાત્મા સાથેનો આપણો સંબંધ પણ હયાત છે. સંસારની સાથે આપણો સંબંધ છે જ નહીં, માત્ર માની લીધેલો છે. આપણે રહેવાવાળા છીએ, સંસાર જવાવાળો છે, આ બેઉને સંબંધ છે ક્યાં ? સંસારની સાથે આપણે સંબંધ માની લીધો અને જેની સાથે આપણો નિત્ય સંબંધ છે, તેને ભૂલી ગયા, એને ન માન્યો; બસ આ જ ભૂલ છે. ગમે તો એવું માની લો કે પરમાત્માની સાથે આપણો નિત્યનો સંબંધ છે અથવા ગમે તો એવું માની લો કે આપણો સંસારની સાથે સંબંધ નથી.

સારી રીતે, ઊંડાણમાં ઊતરીને સમજી લો કે સંસારની સાથે આપણો સંબંધ છે જ ક્યાં ? શરીર, ઈન્દ્રિયો, મન, બુદ્ધિની સાથે આપણો સંબંધ ક્યાં રહે છે ! એઓ તો બનતાં—બગડતાં રહેલાં છે, એઓમાં પરિવર્તન થયા કરે છે, પરંતુ આપણે તો જેવા ને તેવા રહીએ છીએ. આવું બરાબર અનુભવમાં ન આવે તોપણ આ વાત પાકી રીતે માની લો કે સંસારની સાથે આપણો સંબંધ નથી. તમે કહો છો કે સંસારનો સંબંધ છૂટતો નથી, પણ હું કહું છું કે સંસારને પકડી રાખવાનું બળ કોઈનામાંયે નથી જ. વાત તદ્દન સાચી છે. તમે બચપણ ક્યારે છોડ્યું ? પણ એ છૂટી ગયું. બધું જ કાંઈ છૂટી રહ્યું છે, એ વાત સાચી છે. સાચી વાતનો તમે સમાદર કરો. એટલું કામ કરો કે સંસારનો સંબંધ છૂટતો નથી, એ ભાવનાને જ છોડી દો. સંસારનો સંબંધ કોઈ જાતની તાલીમ વિના પોતાની મેળે છૂટી રહ્યો છે.

સંસાર સાથેનો સંબંધ આપણે કેટલાયે જન્મોથી માની રાખ્યો

છે, એ કારણે એને છોડી દેવામાં વાર લાગશે. એવું છે જ નહીં. પર્વતની એક ગુફામાં લાખો વર્ષોથી અંધારું છે. પરંતુ આજે કોઈ ત્યાં પ્રકાશ કરે તો અંધારું ચાલ્યું જવા માટે કેટલાં વર્ષ લાગશે ? પ્રકાશ થયો કે તરત જ અંધારું ચાલ્યું જવાનું. એ જ પ્રમાણે જ્ઞાન થતાં જ જૂઠો સંબંધ ચાલ્યો જતાં વાર લાગશે નહીં. તમે મહેરબાની કરીને આ વાતો તરફ ધ્યાન આપો. એકાંતમાં વિચાર કરો કે સમજમાં ન આવે તોપણ આ વાત સાચી જ છે. ભગવાન, શાસ્ત્ર, સંત–મહાત્મા, ઋષિ–મુનિ, અનુભવી મહાપુરુષ એ બધાય આ જ વાત કહે છે કે સંસારની સાથે મનુષ્યનો સંબંધ છે નહીં. તમે પણ નજરોનજર જુઓ છે કે સંબંધ ટકી રહેતો નથી, સતત છૂટી રહ્યો છે. પણ એ વાતનો તમે આદર કરતા નથી. જો આ વાતને આદર આપો તો માની લીધેલો સંબંધ રહેવાનો નથી.

સંસારની સાથે આપણો કાંઈ સંબંધ નથી—આ વાત તદ્દન સાચી હોવા છતાં તમારી પકડમાં એ માટે નથી આવતી કે તમે આ વાત ઉપર પોતાનાં મન—બુદ્ધિ દ્વારા વિચાર કરો છો અને મન—બુદ્ધિથી ઉપર તમે જે છો, ત્યાં આગળ તમે પહોંચતા નથી. આ મોટી ભૂલ છે. તમે પોતે શું છો ? બચપણમાં જે તમે હતા, તે જ અત્યારે પણ છો. બચપણ વગેરે અવસ્થાઓ બદલાઈ ગઈ, પરંતુ તમે પોતે ન બદલાયાં. તમારું હોવાપણું તો એનું એ રહ્યું. હકીકતે તમારું હોવાપણું છે, તેની સાથે સંસારનો સંબંધ નથી. જે મન—બુદ્ધિના દ્વારા તમે વિચાર કરો છો, તે પણ નષ્ટ થવાનાં છે, જુદાં પડી જવાનાં છે. તો જુદી પડી જવાવાળી વસ્તુની સાથેથી જુદી પડી જવાવાળી વસ્તુ કેવી રીતે રોકાશે ? બેઉ એક જ ધાતુનાં, એક જ પ્રકૃતિનાં છે. બદલાઈ જવાનાં હોય



તેઓની સાથે બદલાઈ ન જનારને જોડો નહીં, એટલી જ વાત છે. જે પ્રમાણે બચપણ ચાલ્યું ગયું, તે પ્રમાણે જુવાની અને ઘડપણ પણ ચાલ્યાં જવાનાં, પરંતુ તમારું હોવાનું તો એવું ને એવું રહેવાનું. તેથી બદલાઈ જનારા સાથે મારો સંબંધ નથી—એમ આ જ ક્ષણે માની લો. આમાં વાર કરવાની જરૂર નથી.

તમારે એ જોવાની જરૂર નથી કે સંસારનો સંબંધ છોડી દેવાથી ઈન્દ્રિયોમાં કોઈ વિલક્ષણતા આવી કે નહીં. ખેડૂતો હળ ચલાવતી વેળા, બિયારણ વાવતી વેળા કહી દે છે કે ખેતી થઈ ગઈ, જ્યારે કે પાક તૈયાર થવામાં તો હજી વાર થવાની, પરંતુ ખેતી થઈ ગઈ, એમાં સંદેહ નથી. તો તમે વાત માની લીધી કે સંસારની સાથે મારો સંબંધ નથી, તો માનો કે ખેતી થઈ ગઈ. હવે મન—બુદ્ધિ—ઈન્દ્રિયો ઉપર એની શી અસર પડી એ તરફ નજર ન કરો. અસર નથી દેખાતી એનું કારણ છે કે તમે એ મન—બુદ્ધિ—ઈન્દ્રિયો દ્વારા જોવા ચાહો છો અને મન—બુદ્ધિ—ઈન્દ્રિયોમાં જ જોવા ચાહો છો. હું કહું છું કે તમે આના પર દૃષ્ટિ ન નાંખો. દૃષ્ટિ એના ઉપર નાંખો કે જે હંમેશાં રહેનાર છે. કેટલી સહેલી વાત છે ! આમાં કોઈ તાલીમની જરૂર નથી. સહેલાપણું—અઘરાપણું, સારું—નરસું બધું મન—બુદ્ધિ—ઈન્દ્રિયોમાં છે કે જે પરિવર્તન પામવાના સ્વભાવનું નથી, તે તો જેવું અને તેવું જ રહે છે. એ માટે મન—બુદ્ધિ વગેરેનાં લક્ષણ બિલકુલ જુઓ નહીં. બદલાઈ જનારાં તરફ ન જુઓ, એની પરવા ન કરો. હંમેશાં હયાત રહેનારા તમારા પોતાના સ્વરૂપને જુઓ, પછી મુક્તિ એની મેળે સિદ્ધ છે.

# દુઃખોનું કારણ

—યોગેશ્વરજી

જુદાં જુદાં જીવોને જુદાં જુદાં દુઃખ શા માટે પડે છે? જ્ઞાની કહે છે તે આત્માને કોઈ દુઃખ જ નથી ને તે તો કેવળ મનનું કારણ છે, છતાં પણ દુઃખ પડે છે એ નક્કી છે ને એની વત્તીઓછી અસર પણ માણસ પર થાય છે. દુઃખને કોઈ પસંદ નથી કરતું, ચાહતું પણ નથી. છતાં પણ એ આવે છે ને માણસને બેચેન ને અશાંત બનાવે છે. એમ કહેવામાં આવે છે કે કર્મના ફળરૂપે બધું થયા કરે છે ને સારાં કર્મનું સારું ને ખરાબ કર્મનું ખરાબ ફળ મળે છે. જીવનમાં જે સુખ ને દુઃખનો અનુભવ થાય છે તેનું એ પણ કારણ છે. કર્મનો નિયમ એ પ્રમાણે અબાધિત રીતે કામ કર્યા કરે છે. પણ તેમાંયે ઘણી વાર સામાન્ય માણસને જ નહીં પણ મોટા મોટા પંડિતોને પણ સમજ નથી પડતી, ને ગુંચવાડો ઊભો થાય છે. સારાં કર્મ કરનારા કેટલાય લોકો ઘણી વાર દુઃખી થતાં દેખાય છે, ને અનીતિ કે અધર્મના કામ કરનારા સુખી. તે જોઈને કર્મના નિયમ સંબંધી તે પણ શંકામાં પડે છે.

તો પણ કર્મનો નિયમ ઘણો ગહન ને સમજવામાં મુશ્કેલ હોવા છતાં કામ કરે છે એવું તો તેમને પણ લાગે છે ને તે પણ માને છે સંસારની વિવિધતાનો ઉકેલ તેમાંથી જ મળી રહે છે. આ સંસારનું સ્વરૂપ એકસરખું નથી. એમાં ભાતભાતનાં દુઃખ જોવા મળે છે. એ સૌની પાછળ કર્મનો કોઈ ચોક્કસ ને વ્યવસ્થિત નિયમ કામ કરી રહ્યો છે એમ લાગ્યા વિના રહેતું નથી. સુખ ને દુઃખ કોઈ પણ પ્રકારના કર્મની વ્યવસ્થા વિના



ફાવે તેને, ફાવે ત્યારે મળે છે એમ માનવાનું બરાબર નથી લાગતું કેમ કે તે વાત બુદ્ધિસંગત નથી. સંસારમાં બીજું બધું જ ચક્ર તદ્દન વ્યવસ્થિત રીતે ચાલ્યા કરે છે. દિન ને રાત, ભરતી ને ઓટ, પૃથ્વી, સૂર્ય ને ચંદ્રની ગતિવિધિ, વિવિધ ઋતુનું પરિવર્તન, સૌની પાછળ કુદરતના ચોક્કસ નિયમો કામ કરી રહ્યાં છે. જીવન ને મરણની ઘટનાની પાછળ પણ નક્કર વ્યવસ્થા કામ કરી રહી છે એવું લાગ્યા વિના નથી રહેતું. એટલે એ બધું જોતાં, વિચારતાં સહેજે સમજી શકાય છે કે સુખ ને દુઃખની આવી ભારે અસરકારક વસ્તુ પણ કોઈ પ્રકારની વિશેષ વ્યવસ્થા વિનાની ના જ હોઈ શકે. તેની પાછળ અમુક ચોક્કસ નિયમો જરૂરી કામ કરતાં હશે. કોઈ પણ કર્મ કોઈ પ્રકારના કારણ વિના તો થઈ જ ના શકે.

કર્મનું ફળ ભોગવવું તો પડે જ ને મળે છે પણ ખરું. પણ તે શું એક જ જન્મમાં મળે છે કે બીજા જન્મોમાં પણ મળી શકે છે? એ પ્રશ્નનો ઉત્તર સાવ સહેલો છે. કેમ કે જો એક વાર આપણે એ વાતનો સ્વીકાર કરી લઈએ કે કર્મનું ફળ મળે જ છે તો પછી તે ના મળે ત્યાં સુધી બીજા જન્મમાંયે તેનો હિસાબ ચાલુ રહેવો જ જોઈએ એ વાતનો સ્વીકાર કરવામાં આવે છે. તેનાં સારાં—નરસાં ફળ આ જીવનમાં જ મળે છે એવું દરેક વખતે નથી દેખાતું. પણ ફળ મળે છે એ તો સો ટકા સાચું છે. તો પછી બાકી રહેલાં કર્મફળનાં ભોગ માટે બીજો જન્મ પણ લેવો પડવાનો, ને તે જન્મમાં બાકી રહેલા કર્મફળ સમયસર સહજ રીતે જ મળતાં રહેવાનાં એ વાત આપોઆપ ફલિત કે સિદ્ધ થાય છે ચાલુ જીવનમાં કોઈ પણ પ્રકારનાં સારાં—નરસાં વિશેષ કર્મ

વિના પણ, જે સુખ—દુઃખ જન્મની સાથે જ વારસામાં અથવા તો જન્મ પછી ક્રમે ક્રમે મળે છે તેનું કારણ તે જ છે. તે જ કારણથી કેટલાંક બાળકો જન્મથી જ ભારે વ્યાધિ, દુઃખ કે સુખ ને ઉત્તમ અથવા સાધારણ બુદ્ધિનાં ભોગ થઈ પડે છે. જીવનમાં જે કુદરતી આફતો આવે છે ને નુકશાન પહોંચાડે છે તે પણ તેને જ લીધે, ઘટનાઓ થઈ ગયેલાં ને થતાં જતાં ભૂત—ને વર્તમાન બંને પ્રકારનાં કર્મોનાં નિયમનાં અનુસંધાનમાં એની અસરરૂપે થયા કરે છે. એ કર્મો મિશ્રિત ને ગૂઢ હોય છે કે તેમને ભેદ જાણવાનું મુશ્કેલ થઈ પડે છે. કોઈ પૂર્ણ યોગી કે પ્રભુની કૃપા પામી ચૂકેલો ભક્ત જ જો ઈચ્છે તો તેમના રહસ્યને સમજી શકે છે.

પતંજલિએ કહેલાં પાંચ કલેશથી પ્રેરાઈને માણસ જુદી જુદી જાતનાં કર્મ કર્યા કરે છે. કલેશ દૂર થયા પછી જે કર્મો કરવામાં આવે છે તે અવિદ્યા, અહંતા, મમતા ને ભય, તૃષ્ણા કે દ્વેષ વિનાનાં હોય છે. તટસ્થ રીતે કરાતાં તે કર્મો બંધનકારક નથી થતાં. બાકી કલેશથી પ્રેરાઈને જે કર્મો કરવામાં આવે છે તેમનો ‘કર્માશય’ બને છે. જેના મૂળાધરરૂપે કલેશ છે એવા આ ‘કર્માશય’ ને લીધે જ વર્તમાન ને ભવિષ્યના જન્મો થાય છે, ને તે જન્મોમાં પડનારાં દુઃખોનું કારણ પણ તે જ છે, એટલે દુઃખ દૂર કરીને સુખની અનુભૂતિ કરવાની જેમને ઈચ્છા હોય તેમણે એવા ‘કર્માશય’નો અંત આણવો જોઈએ. ને તેવા કર્માશય બને જ નહીં તે માટે પતંજલિએ કહેલા પાંચે કલેશોના પાશમાંથી મુક્તિ મેળવવી જોઈએ. જીવનને સુખી, શાંત ને ધન્ય થતાં પછી વાર નહીં લાગે.



# જપ

—શ્રીમતી જ્યોતિ થાનકી

પ્રભુના નામનું સતત રટણ એટલે જપ. સૂક્ષ્મ જગતનો નિયમ છે કે મનમાં પણ જો કોઈને સતત બોલાવવામાં આવે તો તે વસ્તુ કે વ્યક્તિ પાસે આવે જ. પણ એ ક્યારે આવે તેનો સમય નિશ્ચિત હોતો નથી. એવી જ રીતે ભગવાનના નામનું સતત રટણ કરનાર ભક્તની સમીપ ભગવાનને આવવું જ પડે છે. ભગવાનને પામવાનો સહુથી સહેલામાં સહેલો રસ્તો જપનો છે. જપ કરવામાં નથી કોઈ વિધિ કરવી પડતી કે નથી કોઈ આકરું તપ કરવું પડતું કે નથી લાંબાં લાંબાં ધ્યાન કરવાં પડતાં. ફક્ત પ્રભુના નામનું સતત રટણ કરવાનું હોય છે. ભગવાનના નામનું સતત રટણ કરવાથી સ્થૂલ ભૌતિક મન પર તેના વિદ્યુત તરંગો સતત પડતા રહે છે અને તેથી સ્થૂલ મન વધારે સૂક્ષ્મ બનતાં સૂક્ષ્મ જગતની અનેક વસ્તુઓ દેખાવા લાગે છે. પહેલાં જે નહોતું સમજાતું તે સમજાવા લાગે છે. એ અવિરત ચાલતી જપધારામાં જો મન ઓગળી જાય તો પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે.

ઘણી વખત માણસનું મન ખૂબ અશાંત બની ગયું હોય છે, જીવનમાં ચારે બાજુ નિરાશા વ્યાપી ગઈ હોય છે. જીવવાનો રસ ઊડી ગયો હોય છે. ચારે બાજુથી ઘેરાઈ ગયા હોય તેવું લાગે ત્યારે બીજું કંઈ ન કરતાં, બસ ભગવાનના નામનો મોટે મોટેથી જપ કરવો જોઈએ. જેમ વ્યક્તિ પોતાના માતાપિતા કે મિત્રને બોલાવે તેમ મોટે મોટેથી ભગવાનને બોલાવવા.

વારંવાર એમના નામનું રટણ કરવાથી વ્યક્તિની આંતરિક સ્થિતિ આશ્ચર્યકારક રીતે બદલાઈ જાય છે. તેના મનમાં શાંતિ ઉતરી આવે છે. એ શાંત મનમાં વિચાર કરતાં તેને જણાય છે કે ‘આટલી નાની અમસ્તી મુશ્કેલીમાં કંઈ મરી જવા જેવું નથી. પછી અંદરથી જ તેને હિંમત મળે છે અને તેની નિરાશા ક્યાંય ચાલી જાય છે. મનુષ્યની આંતરિક સ્થિતિને ઊંચે ઉઠાવવાની અદ્‌ભુત શક્તિ ભગવાનના નામમાં રહેલી છે. ઘણી વખત એવું પણ બને છે કે નિરાશ અને હતાશ બની ગયેલો મનુષ્ય નામસ્મરણ કરે તો પછી તેના બાહ્ય સંજોગો પણ આશ્ચર્યકારક રીતે બદલાઈ જાય છે. તે એવી વ્યક્તિઓના સંપર્કમાં આવે છે કે જેના દ્વારા તેને ભરપૂર સહાય મળે છે. તે પોતાના જીવનની કટોકટીમાંથી ઊગરી જાય છે.’

શ્રી માતાજી કહે છે કે એ કદી ન ભૂલશો કે તમે એકલા નથી. પ્રભુ તમારી સાથે છે અને તમને મદદ કરે છે, માર્ગદર્શન આપે છે. એ એક એવો સાથી છે, જે કદી દગો દેતો નથી, એવો મિત્ર છે, જેનો પ્રેમ આશ્વાસન આપે છે ને બલ પ્રેરે છે. જ્યારે જ્યારે તમને એવું લાગે કે તમે એકલા છો, ત્યારે ત્યારે તમે તેની પ્રકાશમાન હાજરીની અનુભૂતિ કરવા વધારે તૈયાર બનો છો. શ્રદ્ધા રાખો અને તે તમારા માટે બધું જ કરી આપશે. ભગવાન સદાય સાથે છે ને તેમની સહાય અચૂક મળી રહી છે, એમાં શ્રદ્ધા રાખવી જોઈએ. આ સંદર્ભમાં એક અજ્ઞાત અંગ્રેજી કવિનું સુંદર કાવ્ય છે, ‘ફૂટ પ્રીન્ટ્સ’ રેતીમાંનાં પગલાં—એમાં એક માણસ સ્વપ્નામાં જુએ છે કે તે પોતે પ્રભુની સાથે રેતી પર ચાલી રહ્યો છે. ત્યાં અચાનક આકાશપટ પર એના જીવનની



ઘટનાઓનાં દૃશ્યો દેખાવા લાગ્યાં. તેની સાથે સાથે એ રેતીમાં ચાર ચાર પગલાંની નિશાનીઓ તે જોવા લાગ્યો. તેણે જોયું કે બે પગલાં તેનાં હતાં, અને બે પગલાં પ્રભુના પણ સાથે સાથે જ હતાં. અચાનક એનું ધ્યાન ગયું તો વચ્ચે વચ્ચે એક જ મનુષ્યનાં પગલાં દેખાતાં હતાં તેણે આકાશપટ પર જોયું તો એ સમયગાળો તેના જીવનની ભારે મુશ્કેલીઓનો ને કટોકટીનો એ સમય હતો ત્યારે રેતીમાં એક જ પગલાંની જોડ દેખાતી હતી. તેણે ભગવાનને પૂછ્યું, “જ્યારે મને તમારી સહુથી વધારે જરૂર હતી, ત્યારે તમે મને છોડીને ચાલ્યા ગયા ? એ મુશ્કેલીની વચ્ચે એકલો મૂકી દીધો ?” ત્યારે ભગવાને કહ્યું, “વત્સ, એ પગલાં તારાં નથી પણ મારાં છે. તારી એ કટોકટીના સમયે મેં તને ખભા પર ઊંચકી લીધો હતો, એટલે તારાં પગલાં ક્યાંથી હોય ?” ભગવાન એમના બાળકોને દુઃખમાં ઊંચકી લેતા હોય છે, પણ આપણને એમની કૃપા—કરુણામાં વિશ્વાસ હોતો નથી.

**જપ કયા નામનો કરવો ?**

પ્રભુના જે સ્વરૂપમાં શ્રદ્ધા હોય એના નામનો જપ કરવાથી મન જલદી એકાગ્ર થાય છે. એ સ્વરૂપ પ્રત્યે પ્રેમ હોવાથી તેમાં હૃદયના ભાવ ભળે છે. ઉત્કટતા વધે છે. તેથી પરિણામ ઝડપી આવે છે. જો ગુરુએ ઈષ્ટમંત્ર આપ્યો હોય તો તેના જપ કરવાથી સિદ્ધિ જલદી મળે છે. કેમ કે ગુરુએ એ મંત્રને પોતાની ચેતનામાં સિદ્ધ કર્યો હોય છે. શિષ્યની ચેતનાને અનુરૂપ એ મંત્ર હોવાથી એ મંત્ર ખૂબ જલદીથી ફળે છે. પણ જો ગુરુ ન હોય તો પ્રભુના કોઈ પણ નામનો જપ કરી શકાય છે. પણ જપમાં પૂરી શ્રદ્ધા હોવી જોઈએ અને એકાગ્રતાપૂર્વક કરવો જરૂરી છે. ઘણી વાર

એવું બનતું હોય છે કે માણસના હાથમાં જપમાળા ફરતી હોય, તેના હોઠ ફફડતા હોય, પણ મન ક્યાંય ભટકતું હોય તો પછી જપ ટેપ રેકોર્ડરની કેસેટ વાગ્યા કરતી હોય એવો બની જાય છે. એકની એક કેસેટ ટેપરેકોર્ડરમાં વારંવાર વાગે છે, તો પણ ટેપરેકોર્ડરમાં કંઈ ફેરફાર થતો નથી. એવી જ રીતે જો યંત્રવત્ જપ કરવામાં આવે તો મનમાં કંઈ પરિવર્તન આવતું નથી. એમાં કોઈ ભાવ જાગતો નથી. ઈષ્ટમંત્રનો જપ કરતી વખતે ભગવાન સાથેનું અદશ્ય અનુસંધાન થવું જોઈએ. મન તેમાં ડૂબવું જોઈએ તો જ મંત્ર સિદ્ધ બને છે.

**જપ કેવી રીતે કરવો ?**

એ પણ એક પ્રશ્ન ઊઠે છે. જપ મનમાં પણ થઈ શકે. મોટેથી પણ થઈ શકે. જપમાળાથી પણ થઈ શકે. જપમાળા વગર પણ થઈ શકે. શરૂઆતમાં માનસિક સંતોષ ખાતર જપમાળા દ્વારા ગણત્રીપૂર્વકના જપ કરવામાં આવે તો માનસિક સંતોષ રહે છે, અને ઉત્સાહ વધે છે. પછી તો એવી સ્થિતિ આવી જાય છે કે બાહ્ય કાર્યો કરતાં કરતાં પણ અંતરમાં એ જપ સતત ચાલુ રહે છે. પ્રભુના નામસ્મરણની ધારા અવિરત ચાલતી રહે છે. પછી નામ ને નામી એકરૂપ બની જાય છે. ભેદ ભુંસાઈ જાય છે. શ્રીમા આનંદમયીએ હરિના નામ જપ દ્વારા સચ્ચિદાનંદ સ્વરૂપની પ્રાપ્તિ કરી હતી. તેઓ તો કંઈ ભણેલાં નહોતાં. સાસરે હતાં ત્યાં આખો દિવસ સખત કામ રહેતું. પણ રાત્રે 'હરિબોલ' 'હરિબોલ' આ મંત્રનું અવિરત રટણ કરતાં. આખી રાત જપ ચાલતો રહેતો પછી તો દિવસના ભાગમાં પણ અંદર એ જપ સતત થવા લાગ્યો. એમાં એમનું બાહ્ય ભાન લુપ્ત



થવા લાગ્યું. સહજ સમાધિ થવા લાગી, નામ—નામી એક બની ગયાં. સમગ્ર વિશ્વ શ્રીહરિરૂપ બની ગયું. તેમના મુખમાંથી વેદની ઋચાઓ જેવા સૂક્તો પ્રગટવા લાગ્યા. એમના હૃદયમાંથી સ્વયંભૂપણે મંત્ર પ્રગટ્યો અને અંતર્યામી ભગવાન ગુરુ બન્યા ને પોતાની દીક્ષા પોતે જાતે જ લીધી. પછી પોતાના પતિને દીક્ષામંત્ર આપી પ્રથમ શિષ્ય બનાવ્યા. આ યુગમાં પણ પ્રભુના નામના જપ દ્વારા માત્ર પ્રભુનો સાક્ષાત્કાર જ નહીં, પણ સચ્ચિદાનંદ સ્વરૂપ બની શકાય છે તેનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ આપણી સમક્ષ છે.

શરૂઆતમાં મનને જપમાં કંટાળો આવે, થાક લાગે, તે છટપટવા લાગે છે કેમ કે એનો સ્વભાવ જ ચંચળ છે. એને કોઈ એક વસ્તુમાં એકાગ્ર થવું ગમતું નથી. પણ સંકલ્પપૂર્વક જો જપ ચાલુ રાખવામાં આવે તો મંત્રના પ્રભાવથી મન એકાગ્ર થવા લાગે છે. જપ દ્વારા થતા ભગવાનના નામના એકધારા રટણથી મનમાં, શરીરમાં એનાં આંદોલનો પ્રસરવા લાગે છે. આ આંદોલનોને પરિણામે ભૌતિક શરીરમાં પણ એવી રાસાયણિક પ્રક્રિયા થવા લાગે છે કે તેનાથી શરીર હળવું ને સ્ફૂર્તિદાયક બને છે. આ અંગેના ઘણા પ્રયોગો પણ વૈજ્ઞાનિકોએ કરેલા છે. મંત્રજપથી શરીરની રોગપ્રતિકારક શક્તિ પણ વધે છે ને શરીર તેજસ્વી બને છે. હરિઃૐ આશ્રમના પૂજ્ય શ્રીમોટાએ નામજપ દ્વારા પોતાનો અસાધ્ય રોગ દૂર કર્યો હતો. માત્ર શરીરની જ નહીં પણ સમગ્ર ચિત્તની અને અંતઃકરણની શુદ્ધિ પ્રભુના નામજપથી થાય છે.

**'ચાલો ભગવાનને મળવા જઈએ'માંથી સાભાર**

# હિમાલયના પત્રો : ઈશ્વરસ્મરણ

**—યોગેશ્વરજી**

**સીમલા હીલ્સ, ધરમપુર**

**તા.૪ જુન, ૧૯૪૬**

પૂજ્ય માતાજી,

તમારો પત્ર મળ્યો, વાંચી આનંદ.

હું આવતી કાલે અહીંથી ૧૦ માઈલ દૂર 'સોલન' નામે સ્થાનમાં રહેવા જાઉં છું. ત્યાં શ્રી આનંદમયી માતા નામે એક સારી યોગિની છે. તેમની સાથે રહીશ. એકાદ માસ ત્યાં રહીશ. માતાજી મારા પર ખૂબ પ્રેમ રાખે છે એટલે આનંદ આવશે.

ઈશ્વરસ્મરણ હરહંમેશ કરતાં રહેવું જોઈએ. ઈશ્વરસ્મરણ વિના આ સંસારમાંથી તરવાનો કે સુખ પામવાનો કોઈ જ ઉપાય નથી. ઈશ્વરસ્મરણ એ એક ઊંચામાં ઊંચી ઔષધિ છે, ને તેનાથી બધાં જ દુઃખ દૂર થાય છે. એટલે જેટલું બને તેટલું વધારે ને વધારે ઈશ્વરસ્મરણ કરવું જોઈએ. આજ લગી જીવન ગમે તેમ ગયું, હવે તો ખૂબ પ્રેમથી ઈશ્વરનું રાતદિન રટણ કરવું જોઈએ. આ જગતમાંથી આંખ બંધ કરીને જવાનું થશે એટલે આજે જે દેખાય છે તે બધી જ બાજી ઊડી જશે. સાથે કેવલ ઈશ્વરનો પ્રેમ રહેશે. જીવનનો ઉપયોગ જેવી રીતે કરીએ તેવો જ જન્મ મળે છે. આ જીવનમાં બધાં પર પ્રેમ કરતાં કરતાં વિશુદ્ધ મનથી રહેવું જોઈએ. ને ઈશ્વરસ્મરણ એવું સતત કરવું જોઈએ કે ભગવાનને ત્યાં સ્થાન મળે. બધી જ ચિંતા છોડીને તેને ભજવું જોઈએ.



અમારું કેવી રીતે ચાલે છે ! અમારે તો તે પ્યારા પ્રિયતમ પ્રભુનો જ આધાર છે એટલે અમને કોઈ પ્રકારે કષ્ટ પડતું નથી. તે અમારી બધી જ ઈચ્છાઓ પૂરી કરે છે. 'આ દુનિયામાં તે જ અમારે માટે સર્વ કાંઈ છે. માતા, પિતા બધું તે જ છે. તેના વિના બધુંયે નકામું ને નશ્વર છે.' આવો દૃઢ ભાવ થઈ જાય એટલે ભગવાન આપણી સંભાળ લે છે, આપણી ગૂંચો ઉકેલે છે ને હરક્ષણે આનંદમાં રાખે છે. ભગવાનના ભક્તોના વિના સાચું સુખ કોઈને જ નથી. બધાંને કાંઈ ને કાંઈ દુઃખ પડ્યું જ છે. આ બધુંયે દુઃખ ભગવાનને ભૂલવામાં જ છે. જે ભગવાનને ભૂલ્યા તેમણે માનવ શરીરને નકામું નાખી દીધું. જે શરીરથી ભગવાનનાં દર્શન કરી મુક્ત થવું જોઈતું હતું તે શરીરને ખોટી રીતે ખોઈ દીધું !

તારાને પત્ર લખ્યો છે. ત્યાં સૌ કુશળ હશે. ભગવાનની ઈચ્છાથી બનતાં સુધી તમારે અહીં આવવાનું થશે. જોઈએ છીએ.

નોંધ : આ જૂન–૧૯૪૬નો પૂ.યોગેશ્વરજીનો પૂ.માતાજી પરનો પત્ર **'હિમાલયના પત્રો'**માં સ્થાન પામેલો છે. જેનું ફરી પુનઃપ્રકાશન આવતા બે–ત્રણ મહિનામાં થશે. માત્ર ૨૫ વર્ષની ઉંમરે પણ પૂ.શ્રી કેવી સરસ સમજ ધરાવતા તેનું દર્શન આપણને આ પત્રમાં થાય છે. સંસારના બધાં દુઃખોનું મૂળ ભગવાનને ભૂલવામાં છે તેવો ઉત્તમ નિષ્કર્સ પૂ.શ્રીના જીવનમાં નાની જ વયમાં કેવો સરસ દૃઢ થઈ ગયેલો તે જોવામાં આવે છે. એટલે **'હિમાલયના પત્રો'**ની નવી આવૃત્તિ કઈ તારીખે થશે તેની જાણ વાંચકોને જુલાઈના અંકમાં કરવામાં આવશે. **—તંત્રી**

# પુનર્જન્મ

—પૂ. મોટા

જીવદશાવાળાના મૃત્યુ પછી એનું સૂક્ષ્મ શરીર પૃથ્વીના વાતાવરણમાં રહે. પૃથ્વીના વાતાવરણથી પાંચસાત માઈલ સુધીના વિસ્તારમાં એ રહે. અનુભવીનું સૂક્ષ્મ શરીર જુદા પ્રકારનું. જીવદશાવાળા સૂક્ષ્મ શરીરને ફરીથી અવતરવાનું હોય એટલે એ પૃથ્વીના વાતાવરણમાં રહે. યથાકાળે એ વાગોળતાં વાગોળતાં અટકે ત્યારે એ જન્મ લે છે. એ વાગોળવાનું કેટલો વખત ચાલે એનું કંઈ નિશ્ચિત ધોરણ નથી. અનેક જન્મોનાં કરેલાં કર્મોનું વાગોળવાનું ત્યાં પૃથ્વીના વાતાવરણના અવકાશમાં બને છે.

જે ભૂત થાય છે એનું કારણ છે. અત્યંત આવેગવાળી કોઈ ડીઝાયર (=ઇચ્છા) હોય અથવા તો કોઈ માણસ આપઘાત કરે છે—આવા આવેગને કારણે એ ઝેર—બેર પી લે છે—પણ પીધા પછી શરીર છોડતી વખતે એનાં મનાદિની જે સ્થિતિ થાય છે એ બહુ ભયંકર હોય છે. એ દશાને કારણે એ પ્રેત થાય છે. પ્રેતનો એવો સ્વભાવ છે કે જીવનદશામાં જેના પરત્વે એને દંશ રહ્યો છે—તે દંશ જતો નથી—કાયમ રહે છે. પછી તેને કોઈને કોઈ રીતે હેરાન કરે છે. એને વાગોળવાનું નહીં થાય—બિલકુલ નહીં.

એ લોકોનો ઉદ્ધાર એની મેળે વખત આવતાં થાય છે. કેટલાંકને ઘણો કાળ લાગે. મારા જીવન સાથે સંકળાયેલા એવા બે કિસ્સા બનેલા. એક તો આ નંદુભાઈની પેઢીમાં એક નોકર હતો. દક્ષિણમાં એક ઠેકાણે ધોધ પડે છે, તે નંદુભાઈના ભાઈ ને



બીજાં બધાં આનંદ કરવા ત્યાં ફરવા ગયેલા. એ માણસ કહે કે ધોધની છેક નીચે કૂવો છે. એમાં આ છોકરાને લઈને જઉં ને તરીને બહાર નીકળું. મેં કહ્યું, ‘અલ્યા, મરવું છે ? બૈરાં છોકરા છે કે નહીં ? લાવ.’ એમ કરીને મેં એ છોકરાને લઈ લીધો. પછી એ તો પેલા વહેરા પાસે આમતેમ ફરવા લાગ્યો. અમે કહ્યું કે, ‘ભઈ, તું આવતો રહે. આ લીલ બાઝેલી છે, અને લપસીશ તો પડીશ.’—આમ બોલીએ છીએ ત્યાં તો એ પડ્યો. અને મરી ગયો. એ ભૂત થયેલો. એના મનમાં એમ કે, ‘મોટાએ કેમ મને ઉગાર્યો નહીં ?’ મને એટલા બધા ધક્કા મારે ! શરૂઆતમાં તો મને સમજણ ના પડી. જ્યાં ત્યાં ધક્કા મારે ને હું પડી જઉં. મને વાગે પણ ખરું. નંદલાલના મામાએ મને પડી જતો જોયેલો. પાછળથી સૂસાટાબંધ પવન વાતો હોય એવું લાગે. મને થતું કે ‘આ શું થાય છે ?’ પછી એક વખત મેં ધ્યાનમાં બેસીને જોયું ત્યારે મને સમજણ પડી. અત્યારે તો મારે ધ્યાનમાં બેસવાનીય જરૂર ન પડે. પણ ત્યારે મારે ધ્યાનમાં બેસવું પડતું. પછી અમારા મૌનમંદિરના ઓરડામાં એ પ્રેતને રાખેલો. પછી એની સારી દશા થઈ ગઈ.

બીજો એક કિસ્સો મુંબઈમાં બનેલો. એક સ્વજનની દીકરી એમ. એસસી. થયેલી. કોઈના પ્રેમમાં હતી. એના બાપે બીજે ઠેકાણે વિવાહ કરેલો. એ છોકરી ભણેલી ગણેલી. બીજા સાથે એને બનતું નહીં. એ છોકરા સાથે એવું નક્કી કરેલું કે પરણાય એવી સ્થિતિ નથી. માટે હવે મરી જવું. પોતે એમ. એસ.સી. થયેલી એટલે શું ખાતાં તરત જ મરી જવાય એ જાણે. પેલાને પડીકું આપ્યું. છોકરી ખાઈ ગઈ. પણ પેલા છોકરાને નંદલાલે

સમજાવીને વારેલો. એટલે એ બચી ગયેલો.

આ છોકરી પ્રેત થયેલી. મારે ને એમને ઘરોબો ખરો. મેં એના બાપને કહ્યું કે, 'હું સંભાળી લઈશ.' ઘણી વખત સુરતના આશ્રમમાં રાત્રે અવાજો કરે. એ વખતે ડાહીબહેન મારી સાથે રહેતાં હતાં. ડાહીબહેને એ અવાજો સાંભળેલા. મેં એમને નહીં કહેલું કે આ પ્રેતના અવાજો છે. નહીંતર એ ગભરાય. મને એણે બીવડાવવાના ઘણા પ્રયત્ન કરેલા. પછી ઠેકાણે આવી ગયેલી.

આમાં બળાત્કાર ના ચાલે-ભાવનો પણ બળાત્કાર ના જોઈએ. ધીમે ધીમે કરીને કામ સધાય છે. પછી તો એનો હવન પણ મારે કરવો પડેલો. અડદ અને સાત જાતના લોટ લેવા પડેલા અને મનુષ્યના આકારનું એનું પૂતળું બનાવેલું અને હવન કરીને એને હવનમાં હોમવાનું. એમાં ઘી હોમવાનું, એટલે પૂરેપૂરું બળી શકે. મંત્રોચ્ચાર કરીને એને બાળવાનું. એટલે પેલાની મુક્તિ થાય. આવી પ્રોસેસ હું કંઈ જાણું નહીં, પણ મને એવી પ્રેરણા થાય. એ પ્રમાણે હું કરું.

પ્રેત એટલે 'એબ્રપ્ટ સ્ટેઈન ઑફ સ્ટ્રોંગ ડિઝાયર'-અથવા તો કોઈ જીવ હોય, એને પોતાના બૈરી-છોકરાં, વેપારધંધો વગેરે માટે ઘણો મોહ હોય, માલમિલકત વગેરે પર પુષ્કળ આસક્તિ હોય. એવાને અકાળે મરવાનું થાય એ એને બહુ કારમું લાગે. તો પણ એ પ્રેત થાય.

એટલે ઉંમર થાય તેમ માણસે ધીમે ધીમે આ સંસારમાંથી આસક્તિ ઓછામાં ઓછી કરતા જવું એ એના પોતાના માટે સારું છે.



સાયલાના દરબારને કોઈક કારણથી એવું થયેલું કે એ ખાય ત્યારે નરકની જ વાસ આવે. ફળ ખાય તોય નરકની વાસ આવે. એટલે ખાઈ જ ના શકે. બહુ ત્રાસી ગયો. બહુ ઉપાય કર્યા કશાથી મટ્યું નહીં, ત્યારે સાયલામાં લાલા ભગત પાસે તે દરબાર ગયા. એમણે આ મુશ્કેલી દૂર કરી. પછી ગામમાં દરબારે એમને જગા આપી, પૈસા આપ્યા. પછી લાલા ભગતે એક મંદિર બાંધ્યું. આજેય સાયલામાં લાલા ભગતની જગા છે.

પ્રેત એક વિશિષ્ટ મિડિયમમાં પ્રવેશીને ભોગવે છે. એ ભોગવ્યા પછી એનો નવો જન્મ થવાની શક્યતા ઊભી થાય. પણ ભોગવવાથી જીવને સંતોષ ના થાય. આપણા કરતાં એની ભોગવવાની તૃષ્ણા બહુ જબરી—ઇન્ટેન્સીટીવાળી. આપણામાં જે ઇચ્છા તૃષ્ણા થાય તે જળ અને પૃથ્વીતત્ત્વને લીધે ટૂંકાઈ જાય છે, એની માત્રા ઓછી થાય, જ્યારે પેલાને જળ અને પૃથ્વી તત્ત્વ છે નહીં. એટલે તૃષ્ણા એટલી બધી વધે કે જેની કોઈ સીમા નહીં.

એ વખતે પેલો માણસ હરિસ્મરણ કરે તો પેલા પ્રેતની તૃષ્ણા પૂરી ન થાય તો પણ એણે જતા રહેવું પડે. એનું કારણ એ છે કે એનું વિશિષ્ટ મિડિયમ રહે નહીં. એની ભૂમિકા બદલાઈ જાય. એટલે એનાથી ન રહી શકાય. જેનામાં એ આવ્યો હોય એણે હરિસ્મરણ કર્યું, એથી એને જતા રહેવાનું થાય, તો તેથી કરીને પેલા જીવને કંઈ નુકશાન ન થાય. ઊલટું સારું થાય. ભગવાનનું નામ લેતો થયો હોય તો એની ભૂમિકા બદલાઈ. પેલો પ્રેત એનું કંઈ બગાડી ન શકે.

**'વસંત બહાર'માંથી સાભાર**